# આર્હત ધર્મપ્રકાશ

## ( જૈન ધર્મ )

લેખકઃ મુનિ કીર્તિવિજય

॥ नमो जिणाणं ॥

આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈનગ્રન્થમાળા પુષ્પ ૧૮ મું.

# આર્હત-ધર્મ પ્રકાશ

## [ જૈન ધર્મ ]

ખંભાતવાળા શા. બાબુભાઈ ભોગીલાલ
(હાલ નવસારી)
તરફથી ભેટ.

લેખક

વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક દક્ષિણદેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન શતાવધાની પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ

પ્રકાશક-
બી. બી. મહેતા
શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી
જૈન જ્ઞાનમંદિર
૬ એસ લેન, દાદર.
( બી. બી. ) ( મુંબઈ ૨૮ )

પ્રથમાવૃત્તિ ૫૦૦૦
વિ. સં. ૨૦૧૦
બીજી આવૃત્તિ ૧૦૦૦
વિ. સં. ૨૦૧૩
ત્રીજી આવૃત્તિ-૨૨૫૦
વિ. સં. ૨૦૧૫

## આર્હત-ધર્મ પ્રકાશ

| | | |
|---|---|---|
| પ્રત | ૮૨૫૦ | ગુજરાતી |
| પ્રત | ૫૦૦૦ | હિન્દી |
| પ્રત | ૫૦૦૦ | તામિલ |
| પ્રત | ૧૫૦૦૦ | અંગ્રેજી |
| પ્રત | ૧૮૦૦૦ | કાનડી |
| પ્રત | ૫૦૦૦ | મરાઠી |
| પ્રત | ૧૦૦૦ | તેલુગુ |
| કુલ | ૫૭૨૫૦ | |

મુદ્રકઃ-
હિંમતલાલ ડી. પટેલ
મહોદય પ્રિન્ટીંગ પ્રેસ, હાઈકોર્ટ રોડ-ભાવનગર.

# સમર્પણ

જેઓ મારા કાર્યમાં સલાહ, સૂચના અને પ્રેરણા આપવા દ્વારા ખૂબજ સહાયક થાય છે,

જેઓ વિવિધ વિષયોનું સુંદર જ્ઞાન ધરાવે છે તેમજ ખૂબજ કાર્યદક્ષ છે

તે

પૂજ્યપાદ સૂરિસાર્વભૌમ પરમશાસનપ્રભાવક જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના

વિદ્વાન્ પ્રશિષ્ય

**મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી**

મહારાજના કરકમલમાં

## સાદર સમર્પણ

કીર્તિવિજયની

અનેકશઃ વન્દના

# પ્રાસ્તાવિક

જગતનાં સર્વ દર્શનોમાં જૈનદર્શન કે જૈનધર્મ એ અતીંદ્રિય ધર્મ છે. જૈન દર્શનની મૌલિકતા માટે કંઈ પણ કહેવું–લખવું તે હવે ધોળે દિવસે સૂર્યને બતાવવા જેવી ચેષ્ટા છે.

જૈનધર્મ પૂર્ણ આધ્યાત્મિક દર્શન છે. તેમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિનાં પ્રાણીઓને અનુલક્ષીને ઉન્નતિક્રમના વિવિધ સોપાન દર્શાવવામાં આવેલ છે. આ લઘુ પુસ્તિકામાં તે સર્વનો માત્ર નામ–નિર્દેશ કરવામાં આવે તો પણ સ્થાનાભાવ રહે; છતાં પણ અતિ મહત્ત્વના વિષયો જેવા કે કર્મ, ઈશ્વર, કર્તા, આત્મા, સ્યાદ્વાદ, ષડ્દ્રવ્ય, તપશ્ચર્યા વિગેરે વિષયો અતિ સંક્ષિપ્ત રીતે સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે.

જેમ દીપકનો સ્વભાવ અંધકારમાં પ્રકાશ કરવાનો છે, તેમ આ પુસ્તિકા જે જે સ્થળે વંચાશે, ત્યાં ત્યાં જૈન ધર્મનું હાર્દ સમજવા માટે એક દીપકની ગરજ સારશે.

જૈન દર્શનના પ્રચારથી અને જૈન ધર્મીઓના સંસર્ગથી હવે પુનર્જન્મ અને પૂર્વભવ લગભગ સૌજનસમ્મત વિષયો બની ગયા છે. એવી જ રીતે જૈન ધર્મના બીજા મુખ્ય મુખ્ય સિદ્ધાંતો પણ આમ જનતાનાં હૃદય સુધી પહોંચી ગયા છે અને તેમાંય ખાસ કરીને લોકો "અહિંસા"–ના સ્વરૂપને વિશેષ સ્વીકારતાં અને સમજતાં શીખ્યા છે.

જૈન ધર્મને "રત્નોનો નિધિ" એવી ઉપમા આપી શકાય; કારણ કે સ્યાદ્વાદ, કર્મ ફિલૉસૉફી, પાંચ મહાવ્રતો વગેરે તેનાં જાજ્વલ્યમાન રત્નો છે, જે સ્વયં પ્રકાશવા ઉપરાંત અન્યને પણ સ્વતેજથી આંજી

નાંખવા સમર્થ છે. ફક્ત જરૂર છે તેના પ્રચારની અને તે દિશામાં આ પુસ્તિકા કિંચિત્ પ્રયાસરૂપ છે.

કવિકુલતિલક પૂજ્ય મુનિરાજશ્રી શ્રી કીર્તિવિજયજી મહારાજ આ વિષયમાં અતિ ઉત્કટ પ્રેમ ધરાવે છે. તેઓશ્રી પોતાના વિહારમાં કે સ્થિર ચાતુર્માસમાં, જાહેર પ્રવચનો દ્વારા કે વ્યાખ્યાન પ્રસંગે પણ જૈન ધર્મના આવા મૌલિક સિદ્ધાંતોની સમજણ આપવાની એક પણ તક જતી કરતાં નથી.

આજના જટિલ પ્રશ્નોનો ઉકેલ જૈનદર્શનના સિદ્ધાંતોમાં છે, તેનો સ્વીકાર ફક્ત દર્શનશાસ્ત્રીઓ જ નહિ પરંતુ સમાજશાસ્ત્રીઓ પણ કરવા લાગ્યા છે, અને અજાયબ થવા જેવી હકીકત એ છે કે વૈજ્ઞાનિકો, વર્ષોની જહેમત અને લાખોના ખર્ચે જે શોધખોળ કરી વિશ્વ સમક્ષ રજૂ કરે છે, તે "જૈનદર્શન"ના જ્ઞાની સંતપુરુષો દર્શાવી ગયેલા હોય છે.

આ લઘુ પુસ્તિકાને લાંબી પ્રસ્તાવનાની જરૂર નથી.

આ પુસ્તિકાને પ્રાંતે વિખ્યાત અને નામાંકિત પંડિતવર્ગોએ "જૈન દર્શન"ની મૌલિકતા, શ્રેષ્ઠતા અને વ્યવહારુતા સંબંધે જે નિખાલસ અભિપ્રાયો વ્યક્ત કર્યાં છે, તે વાંચવાનું સૂચન કરી પૂ. મુનિરાજશ્રી **કીર્તિવિજયજી** મહારાજના આ પ્રયાસ બદલ અભિનંદન આપી વિરમું છું.

**દિવ્ય.**

# વિષયાનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | જૈનધર્મ | ૧ |
| ૨ | જૈનસાધુ | ૭ |
| ૩ | આત્મા | ૧૨ |
| ૪ | કર્મ | ૧૬ |
| ૫ | ઈશ્વરની ઉપાસના | ૨૩ |
| ૬ | જગત્ ઈશ્વરે રચ્યું છે ? | ૨૫ |
| ૭ | જૈન ગૃહસ્થ | ૨૭ |
| ૮ | સ્યાદ્વાદ | ૩૩ |
| ૯ | ષડ્દ્રવ્ય | ૩૯ |
| ૧૦ | તપશ્ચર્યા | ૪૩ |
| ૧૧ | જ્ઞાન અને ક્રિયા | ૪૪ |
| ૧૨ | રાત્રિભોજન | ૪૫ |
| ૧૩ | આધુનિક વિજ્ઞાન | ૪૮ |
| ૧૪ | જૈનધર્મ અનાદિ છે | ૫૫ |
| ૧૫ | વિદ્વાનોના અભિપ્રાયો | ૫૭ |
| ૧૬ | પુનર્જન્મના પુરાવા | ૬૪ |


*

# ઉપોદ્ઘાત

એ તો એક સ્વાભાવિક વાત છે કે કોઈ પણ વ્યક્તિ રોગગ્રસ્ત સ્થિતિમાં ગમે તે ઉપાયે રોગમુક્ત થવા ફાંફાં માર્યા વિના નથી રહેતી, પરંતુ રોગના ઉપાય માટે યોગ્ય સાધનસામગ્રી મળે નહિં ત્યાંસુધી તેના મનોરથ પાર નથી પડતા. તે જ રીતે લોહીમાંસ અને મુત્રાદિ જુગુપ્સા-પ્રેરક પદાર્થોથી ભરેલા ગંધાતા દેહના કારાવાસમાં જન્મ, જરા અને મૃત્યુરૂપી મહારોગોની યાતનામાંથી મુક્ત થવાની આતુરતા બુદ્ધિશાળી એવા માનવપ્રાણીમાં હોવી સ્વાભાવિક છે. અને તે સંબંધી અનેક વિચારો અને ઊહાપોહ થવો પણ અનિવાર્ય છે. માનવ વર્ગના આવા પ્રકારના સદ્‌વિચારોને દાર્શનિક વર્તન ( Philosophic attitude ) કહેવાય છે. ખાસ કરીને આપણા ભારતવાસીઓના આત્મશ્રદ્ધાના પ્રબળ સંસ્કારોને કારણે તેઓનો પ્રદેશ ફીલસૂફિના મનન અને મંથનમાં વધારે પ્રમાણમાં હોવાથી મુક્તિવાદ આપણા દેશનો મહામંત્ર બન્યો છે, અને ભારતની દશે દિશામાં "सा विद्या या बिमुक्तये"નું બ્રહ્મવાક્ય ગુંજી રહ્યું છે, પરંતુ મુક્તિમાર્ગને નિષ્કંટક, નિરાબાધ અને સુલભ રીતે મળી શકે તેવો બનાવવા માટે "આર્હતદર્શન ( જૈન દર્શન )"ને જ સર્વોચ્ચ સ્થાન આપવામાં આવે છે, કારણ કે મુક્તિમાર્ગની સિદ્ધિને માટે વ્યવસ્થિત અને પદ્ધતિસર સાધન-સામગ્રીની રચના તેમજ યોજના સર્વાંગસુંદર જેવા આ દર્શનમાં જોવા મળે છે તેવી અન્ય દર્શનોમાં નજરે નથી પડતી.

જો કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ વિગેરે પાંચ મૂળભૂત સિદ્ધાંતો ( Fundamental Principles ) લગભગ બધા જ દર્શનો માને છે; પરંતુ તેને જીવનમાં ( Practicable in the life )

ચરિતાર્થ કેમ કરવા તેનો સરળ અને સિદ્ધ ઉપાય જૈન દર્શનમાં અત્યંત પ્રશંસનીય રીતે આપ્યો છે. એટલે કે ઉત્તરોત્તર વિકાસશ્રેણી (Evolutionary Spiritual Ladder) જેને જૈન પરિભાષામાં "ગુણસ્થાનક" કહે છે અને જીવનની ભિન્નભિન્ન અવસ્થાઓ જેને "માર્ગણા દ્વાર (Clasified groups)" કહે છે તે ઘણો જ મનનીય અને વિચારણીય વિષય છે, જેના અભ્યાસથી જૈન દર્શનની વિશિષ્ટતાનો સ્વાનુભવ થયા વિના નહિ રહે.

જૈન દર્શનનું મંતવ્ય છે કે, "युक्तिभावम् भवेद् तत्वम् न तत्वम् युक्तिवर्जितम्" દરેક વિષયમાં યુક્તિ તર્કથી સમજાવવાની શૈલી ઘણી સુંદર છે. કોઈપણ કાર્યમાં તેના સાધક, બાધક, દ્યોતક, ઘાતક, શોષક અને પોષક આદિ બધા જ વિષયો પર ગંભીર વિવેચન જૈન દર્શનમાં મળી શકે છે તેનું ખાસ કારણ જૈન દર્શનનો સર્વાંગસુંદર "સ્યાદ્વાદ ન્યાય" છે જેને (Central doctrine) કેન્દ્રિત સિદ્ધાંત કહેવામાં આવે છે, જેના પ્રયોગથી વસ્તુસ્થિતિનું ભિન્નભિન્ન દૃષ્ટિથી સર્વદેશીય સંપૂર્ણ જ્ઞાન થાય છે, તેને જ કારણે આ સ્યાદ્વાદને અનેકાન્તવાદ અથવા અપેક્ષાવાદ પણ કહે છે. પાશ્ચાત્ય વિદ્વાનો (Western Scholars) એ તો આ સ્યાદ્વાદના સિદ્ધાંતની મુક્તકંઠે પ્રશંસા કરે છે. તેઓની તો એટલી હદે માન્યતા છે કે આ સંસારમાં સંગઠન સાધવાની મહાશક્તિ (Unifying force) છે, જેના પ્રયોગથી સંસારભરના સમસ્ત પારસ્પરિક વિચારવિરોધના વૈમનસ્યોનું સંતોષજનક સમાધાન થાય છે એટલે સ્યાદ્વાદને (Compromising System of Philosophy) સલાહ-શાંતિકારક દર્શન કહ્યું છે. ડૉ. આઈન્સ્ટાઇન જેવા જગતના સર્વોપરી વિજ્ઞાનવેત્તાના સાપેક્ષવાદ (theory of relativity)ની માન્યતા મહદંશે સ્યાદ્વાદની છાયા માત્ર છે. ટૂંકમાં કહેવાનું એ છે કે તત્વનિર્ણયનું અત્યુત્તમ સાધન સ્યાદ્વાદ હોવાથી જૈન દર્શનનું બધા જ દર્શનોમાં મુખ્ય સ્થાન છે. આ દર્શનમાં કપોલ-કલ્પિત કલ્પનાઓ (Imaginary Conce

ptions) અથવા ભ્રમણાઓ(Superstitions)નું લેશ માત્ર પણ સ્થાન નથી. જે અટલ વિધાન અનુસાર આ વિરાટ વિશ્વની વ્યવસ્થા થઇ રહી છે તે સુચારુ શાસન(Systematised Government)ના મૂળ તત્વો(Substances)ની યથાર્થ પ્રરૂપણાથી આ દર્શન ભર્યું ભર્યું છે. આધુનિક વિજ્ઞાનવેત્તા તેને (Rationalistic School of Philosophy) પ્રમાણસિદ્ધ એટલે કે હેતુવાદી દર્શનશાસ્ત્ર કહે છે. વિજ્ઞાનની કેટલીયે વિસ્મયકારી શોધખોળો (Scientific Researches) જે બહાર આવે છે તેનું વર્ણન જૈન સિદ્ધાંતોમાં અગાઉથી જ લખેલું જોવામાં આવે છે. જેવીકે ધ્વનિની ગતિ, શક્તિ અને આકૃતિ (Sound and its Velocity etc.), ઈથર (Ether) જેવા સહકારી તત્ત્વની માન્યતા. ઉદ્યોત, (Light) પ્રભા, તમ, છાયા, આતપ આદિના પરમાણું, પદાર્થનું આંતરપરિરમણ (Inter Peretration) વનસ્પતિની સંજ્ઞાઓ (Instincts & Feelings) પ્રાણીના (Hydrogen & Oxygen) આર્દ્રવાયુ અને પ્રાણવાયુ આદિ તત્ત્વો તથા જલબિન્દુ કે સૂક્ષ્મ જંતુ અને અણુ પરમાણુ(Atoms & Molecules)ની માન્યતા આદિ અનેક વૈજ્ઞાનિક વિષયોનું વિસ્તૃત વર્ણન સેંકડો વર્ષ પૂર્વના પ્રાચીન જૈનશાસ્ત્રમાં જોવામાં આવે છે. હજુસુધીની વિજ્ઞાનની અતિ સૂક્ષ્મ અંતિમ માન્યતા ઈલેક્ટ્રોન અને પ્રોટોન (Electrons and Protons) સુધી ગઈ છે પરંતુ જૈન દર્શનના કાર્મણ વર્ગણાના પરમાણુ (Karmic Molecules) જેને અતીન્દ્રિય જ્ઞાન-દર્શનગ્રાહ્ય માન્યા છે તેને તો (Ultramicro Molecules) કહેવું અત્યુક્તિ નથી, કારણ કે તે ઈલેક્ટ્રોન પ્રોટોનથી અનેકગણા સૂક્ષ્મ છે, જે કોઈ પણ પ્રકારના સૂક્ષ્મદર્શક યંત્ર(Microscope)વડે પણ દૃષ્ટિગોચર નથી થઈ શકતા. એ જ રીતે આ દર્શનનો આત્મવાદ, તત્ત્વવાદ, ક્રિયાવાદ, તર્કવાદ, નયવાદ આદિ બધા વિષયો એટલા ગહન અને સૂક્ષ્મ છે કે વિચારશીલ વિદ્યાર્થીને તેના અધ્યયનથી સ્વાભાવિક રીતે જ વિશ્વાસ બેસી

જાય છે કે આ દર્શનના નિર્ણાયક મહારથી એટલે કે સૂત્રધાર કેવળ મહામેધાવી અને પ્રજ્ઞા-પ્રૌઢ જ નહોતા પરંતુ સર્વજ્ઞ અને સર્વદર્શી હતા; નહિતર આવી પ્રરૂપણા અસંભવ હોત. ભલે સામાન્ય વર્ગના લોકો જૈન દર્શનની મહત્ત્વતા ન પણ સમજે પરંતુ બુદ્ધિવાદી વર્ગ (Intellectual class) તો આની તરફ ખૂબ આકર્ષિત થયો છે. અને તેની રૂપરેખા (Outlines) જાણવાની તેઓમાં ખૂબ જિજ્ઞાસા પ્રકટ થઈ છે. અમારી સંસ્થા પાસે દેશદેશાન્તરોથી કેટલાય લોકોની જૈન સાહિત્યને માટે માગ આવી રહી છે પરંતુ જૈન દર્શનના જુદા જુદા વિષયોના નિષ્કર્ષરૂપ (Nut-Shell form) એક નાનકડો નિબંધ અમારી પાસે તૈયાર ન હોવાથી અમારી સામે તેઓની માગ પૂરી કરવાનો પ્રશ્ન ઊભો હતો.

દૈવયોગે આ વર્ષે અમારા નગરના પુણ્યોદયથી મહાન પ્રભાવશાળી, પ્રખરવક્તા, પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ થયું અને તેમના વિદ્વત્તાથી ભરેલા વ્યાખ્યાન સાંભળી એવી ભાવના થઈ કે તેઓશ્રી પાસે એવો નિબંધ પ્રકાશિત કરવાની પ્રાર્થના કરવામાં આવે. તદનુસાર અમે પ્રાર્થના કરી અને સંતોષજનક પ્રત્યુત્તર મળ્યો અર્થાત્ એમણે પોતાના વિદ્વાન શિષ્ય મુનિશ્રી **કીર્તિવિજયજી**ને આ બાબતમાં નિર્દેશ કર્યો. પૂજ્ય મુનિશ્રીએ તેઓશ્રીની આજ્ઞાનુસાર સરળ રીતે અને સુંદર શૈલીમાં સકળ મૌલિક વિષયના સારરૂપ આ નિબંધ તૈયાર કર્યો. આમાં ઘણીયે યુક્તિ-સંગત એટલે કે બુદ્ધિગમ્ય વાતો પ્રતિપાદન કરી છે જેનો લોકો ખૂબ લાભ ઉઠાવી શકે છે. પૂજ્ય મુનિશ્રી માટે પ્રશંસાના બે શબ્દો કહ્યા વિના રહેવાતું નથી, કારણ કે કેટલાક દિવસો સુધી તેમના સત્સંગનો લાભ અને તેમના પ્રશસ્ત પુરુષાર્થનો અનુભવ થયો છે. તેઓ ખૂબ કાર્યકુશળ અને કુશાગ્ર બુદ્ધિસંપન્ન છે. કવિત્વશકિતની સાથે સાથે લેખન-શકિત પણ ઘણી પ્રબળ છે અને જૈન માર્ગ પ્રભાવના અને ધર્મપ્રચાર માટે ઘણી ઉત્કંઠા રાખે છે અને ઉત્સાહપૂર્વક સતત પ્રયત્નશીલ રહે છે.

તેઓએ આ નિબંધ લખવા માટે જે પરિશ્રમ ઉઠાવ્યો છે તેને માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. મને આશા છે કે વાચકવૃન્દ આ નિબંધને અથથી ઇતિ સુધી વાંચીને જૈન ધર્મનું રહસ્ય સમજવા સાથેસાથે આત્મવિકાસનો યથાર્થ લાભ ઉઠાવશે.

શ્રી પુડલ તીર્થ<br>
Red-Hills<br>
P. O. Popal ( Madras )<br>
Dated 1-1-'54

ધર્માનુરાગી<br>
" ઋષભ "

# — મહાપ્રભાવિક નવકાર મંત્ર —

**नमो अरिहंताणं । नमो सिद्धाणं । नमो आयरियाणं ।**
**नमो उवज्झायाणं । नमो लोए सव्वसाहूणं ॥**
**एसो पञ्च नमुक्कारो, सव्वपावप्पणासणो ।**
**मङ्गलाणं च सव्वेसिं, पढमं हवइ मङ्गलं ॥ १ ॥**

ઉપર પ્રમાણે નવકાર મહામંત્રના નવ પદો છે. આ નવકાર મંત્ર ચૌદ પૂર્વના સારરૂપ છે તથા અચિંત્ય પ્રભાવશાળી છે. તેના પ્રભાવથી દેવો ને દાનવો પણ આકર્ષાય છે, મનોરથો ફળે છે, વિઘ્નો ને વિપદાઓ દૂર-સુદૂર ભાગી જાય છે, ઉપસર્ગોનો વિલય થાય છે, જંગલમાં પણ મંગળ થાય છે, ચિંતામણીરત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ કરતાં પણ અધિક ઇચ્છિતને પૂરે છે. આ મહામંત્રના સતત ધ્યાનથી કિલષ્ટ કર્મો વિનાશ પામે છે. સર્વ પ્રકારના પાપનો નાશ થાય છે. આ લોક ને પરલોકમાં સુખ-સામગ્રી અને અપૂર્વ ઋદ્ધિસિદ્ધિ સાંપડે છે, નિકાચિત ને નિબિડ કર્મની નિર્જરા થાય છે, જન્મજન્મના પાપ ધોવાય છે, જન્મ-મરણની બેડીને કાપી નાખે છે, દુર્ગતિના ઘોર દુઃખોથી આત્મા બચી જાય છે, આત્મા કર્મરહિત શુદ્ધ નિર્મળ અને પવિત્ર બને છે, પ્રાતઃકાળે ગણતાં આખો દિવસ મંગલમય નીવડે છે, જન્મતા સંભળાવાય તો જન્મ સફળ ગણાય, મરતા સમરે તો સદ્‌ગતિ થાય. એના માહાત્મ્યનું જેટલું વર્ણન કરીએ તેટલું થોડું છે. નવકારમંત્રના એક-એક અક્ષરના જાપથી પણ અસંખ્ય વર્ષો સુધી ભોગવવા લાયક ઘોર કર્મો નાશ પામે છે. મન-વચન-કાયાની એકાગ્રતાપૂર્વક આ મંત્રનો ખૂબ જાપ કરો, એના જાપમાં લયલીન બનો, તન્મય બનો, નિરંતર તેનું જ રટણ કરો. હાલતાં, ચાલતાં, સૂતાં કે ઊઠતાં-બેસતાં તેનું જ સ્મરણ કરો. ફળની આકાંક્ષા ન રાખો.

જેમાં આત્મિક ગુણોની પરાકાષ્ઠાએ પહોંચેલા સર્વોત્કૃષ્ટ સિદ્ધ તથા સાધક ગુણી પુરુષોની સ્તુતિ છે, જેમાં માત્ર ગુણની જ પૂજા સમાયેલી છે, જેમાં આત્માનો ઉત્તરોત્તર વિકાસ સાધવાના ઊંચામાં ઊંચા પદો છે તે નવકાર મહામંત્ર સૌને એકસરખી રીતે શ્રેયસ્કર-કલ્યાણકર છે.

# સ્વ૦ મુનિવર્ય શ્રી ભરતવિજયજીની ટૂંક
# જીવનરેખા

પ્રાચીન કાળમાં ત્રંબાવતી નગરીના નામે પ્રસિદ્ધિ પામેલ ખંભાત શહેર, ઇતિહાસની દૃષ્ટિએ અનોખું સ્થાન ધરાવે છે. પ્રગટપ્રભાવી શ્રી સ્થંભનપાર્શ્વનાથ સ્વામી જે ભૂમિમાં બિરાજેલા છે, એવા અનેક જિન-મંદિરો, પૌષધશાળાઓ અને અગણિત ધર્માત્માઓથી ઓપતા સ્થંભન-પુરમાં શા. મગનલાલ ફતેચંદ કે જેઓ કાપડના વ્યાપારી તરીકે પ્રસિદ્ધ હતા, તેમને ત્રણ પુત્રો હતા, જેમનાં નામ ક્રમશઃ નેમચંદભાઈ, ફુલચંદભાઈ તથા ભોગીલાલભાઈ હતા, તેમજ તેમને બે પુત્રીઓ હતી, જેમના નામ પુતળીબ્હેન અને સુરજબ્હેન હતા. શેઠ મુળચંદ બુલાખી-દાસના તેઓ બનેવી થતા હતા, ભોગીલાલભાઇએ ધંધામાં સારી પ્રતિષ્ઠા મેળવી હતી, જ્યારે તારાચંદ પટવાનો 'છ'રી' પાળતો સંઘ સિદ્ધગિરિ પહોંચ્યો, તે અરસામાં ભોગીલાલભાઈની ભાવના સંયમ લેવાની થતાં ચોક મુકામે સૂરિસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ પાસે તેમણે વિ. સં. ૧૯૮૫ના પો. સુદ ૬ ના દીક્ષા અંગીકાર કરી, મુનિ શ્રી રૂપવિજયજીના શિષ્ય મુનિ શ્રી ભરતવિજયજી તરીકે પ્રસિદ્ધ થયા. વિ. સં. ૧૯૮૫ના મહા વદ ૫ ના તલાજા મુકામે તેમને વડીદીક્ષા આપવામાં આવી હતી. ત્યારબાદ તેમના મોટા ભાઈ નેમચંદભાઈની પણ વૈરાગ્યભાવના જાગૃત થતા તેમણે તપસ્વી આચાર્ય શ્રી વિજય-કર્પૂરસૂરીશ્વરજી મહારાજ પાસે ચારિત્ર અંગીકાર કરી, તેઓ મુનિ શ્રી નેમવિજયજીના નામે ઓળખાવા લાગ્યા.

ભોગીલાલભાઇને નગીનદાસ તથા બાબુલાલ ઉર્ફે મુળચંદ એમ બે પુત્રો તેમજ જસીબ્હેન નામે એક પુત્રી હતી.

જસીબ્હેને વિ. સં. ૧૯૮૮ માં જેઠ સુદ ૪ ના મહામહોત્સવપૂર્વક દીક્ષા અંગીકાર કરી તેઓ પ્રવર્તિની સાધ્વીજી શ્રી સૌભાગ્યશ્રીજી મ. ના પ્રશિષ્યા ગુણશ્રીજી મ. ના શિષ્યા જિનેન્દ્રશ્રીજી તરીકે પ્રસિદ્ધ થયા.


નગીનભાઇની મધુકાંતા તથા વિમળાબ્હેન નામની બે પુત્રીઓએ

વિ. સં. ૨૦૦૬ નાં માગશર સુદ ૬ ના ધામધૂમપૂર્વક ચારિત્ર અંગીકાર કર્યું. ક્રમશઃ તેમના ધર્મિષ્ઠાશ્રીજી તથા વિચક્ષણાશ્રીજી નામ રાખી સાધ્વીજી શ્રી જિનેન્દ્રશ્રીજીના શિષ્યા બનાવવામાં આવ્યા. એક જ કુટુંબમાં કેટકેટલા પુણ્યાત્માઓ આ પવિત્ર ભાગવતી દીક્ષાના માર્ગે સંચરી આત્મકલ્યાણ સાધી રહ્યા છે. ખરેખર એ કુટુંબ પણ ધન્યવાદને પાત્ર ગણાય!


મુનિ શ્રી ભરતવિજયજીએ સંયમની સુંદર આરાધના કરી જીવનને ઊર્ધ્વગામી બનાવ્યું હતું. વલસાડ મુકામે તેઓ વિ. સં. ૧૯૯૭ શ્રા. વદ ૧૩ ના સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયા. તેમની સ્મશાનયાત્રામાં ઘણી મોટી માનવમેદની એકત્રિત થઈ હતી. તેમના સુપુત્ર નગીનભાઈ તથા બાબુભાઇએ તે પ્રસંગે સારો લાભ લીધો હતો. શેઠ મુળચંદ બુલાખીદાસને પણ ખબર પડતાં તેઓ તરત જ ત્યાં હાજર થયા હતા. જ્યાં તેઓશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો ત્યાં એક સુંદર દેરી બંધાવવામાં આવી છે જે ભરતવાડીના નામથી પ્રસિદ્ધ છે.

## નવસારીમાં શતાવધાન

પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્ વિયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા શતાવધાની મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મ. આદિ અમદાવાદથી વિહાર કરી જ્યારે નવસારી પધાર્યા હતા, ત્યારે શા. બાબુભાઈ ભોગીલાલ કે જેઓને મુનિશ્રીના શતાવધાન કરાવવાની તીવ્ર તમન્ના હતી, તે માટે તેમણે તન–મન અને ધનનો ભોગ આપ્યો હતો. મુનિશ્રીના શતાવધાનનો અદ્‌ભૂત કાર્યક્રમ તા. ૫–૫–૫૯ રવિવારે એક વિશાળ મંડપમાં હજારોની મેદની સમક્ષ યોજાયો હતો. મુનિશ્રીના આ અદ્‌ભૂત કાર્યક્રમને નિહાળી પ્રોફેસરો, અમલદારો, પ્રીન્સીપાલો અને વિદ્વાનો આશ્ચર્યમુગ્ધ બની ગયા હતા અને જૈન ધર્મ અને જૈન સાધુની દિવ્યશક્તિના વખાણ કરતા હતા. શા. બાબુભાઈ ભોગીલાલે નવસારીમાં સારી પ્રતિષ્ઠા મેળવી છે. એક પ્રતિષ્ઠિત વ્યાપારી છે. તેમજ અનેક સંસ્થાઓમાં તેઓ સારું વર્ચસ્વ ધરાવે છે.



તા. ૫-૫-૫૯ ના નવસારી મુકામે પૂ પા. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની પુણ્યનિશ્રામાં હજારોની મેદની સમક્ષ શતાવધાની મુનિરાજ શ્રી કીર્તિવિજયજીએ શતાવધાન કર્યા હતા, તે પ્રસંગની તસ્વીર. તસ્વીરમાં રજનીકાંત બાબુલાલ પ્રશ્ન પૂછી રહેલા જણાય છે.



તસ્વીરમાં અમદાવાદના દિલીપકુમાર સિતાપચંદ દલાલ શતાવધાન પ્રસંગે સંચાલન કરતા જણાય છે. બાજુમાં ઉભેલા શા. બાબુભાઈ ભોગીલાલ, મુનિશ્રીના જીવનપરિચય અંગે ભાષણ કરતા જણાય છે. બાબુભાઈ, મુનિરાજ શ્રી કીર્તિવિજયજીના સંસારી મિત્ર છે.

સૂરિસમ્રાટ જૈનાચાર્ય વિજયનેમિસૂરીશ્વરજીના મહારાજના
શિષ્યરત્ન



સ્વ. મુનિરાજશ્રી ભરતવિજયજી મહારાજ



સાધ્વીજીશ્રી
વિચક્ષણાશ્રીજી, જિતેન્દ્રશ્રીજી, ધર્મિષ્ઠાશ્રીજી

॥ नमो जिणाणं ॥

# આર્હત-ધર્મ-પ્રકાશ

: ૧ :

## જૈન ધર્મ

અહિંસા. સંયમ, તપ, આદિ ગુણોવડે ધર્મની પરીક્ષા કરવામાં આવે તો જૈન ધર્મ સૌથી મોખરે આવે તેમ છે. તેનું સ્વરૂપ અહીં ટૂંકમાં દર્શાવીશું.

જિનની ઉપાસના કરનારો ધર્મ તે જૈન ધર્મ. અથવા જિનોએ ઉપદેશેલો ધર્મ તે જૈન ધર્મ. જિન એટલે રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓને જીતનાર અર્થાત્ તેનો જડમૂળથી નાશ કરનાર સર્વજ્ઞ સર્વદર્શી પરમાત્મા. આવા જિનો અનાદિ કાલથી થતા આવ્યા છે, તેથી જૈન ધર્મ અનાદિ છે.

કાળના બે વિભાગ હોય છે. એક ઉત્સર્પિણી એટલે ચડતો કાળ અને એક અવસર્પિણી એટલે ઉતરતો કાળ. આ બન્ને કાળમાં ૨૪-૨૪ જિનો થાય છે. તેઓ ધર્મરૂપી તીર્થની સ્થાપના કરનારા હોવાથી તીર્થંકર કહેવાય છે અને દેવોની પણ પૂજાને યોગ્ય હોવાથી અર્હત્ કે અરિહંત

કહેવાય છે. આવા જિન, તીર્થંકર કે અરિહંતોની અનંત ચોવીશીઓ થઇ ગઈ અને હવે પછી પણ થશે.

તીર્થંકર દેવના આત્માઓ જન્મથી જ વિશિષ્ટ જ્ઞાની અને મહાસૌભાગ્યશાળી હોય છે.

એ તીર્થંકર દેવના આત્માઓ રાજપાટનો ત્યાગ કરી, વૈભવ-વિલાસોને ત્યજી દીક્ષા( સંન્યાસ ) અંગીકાર કરે છે. દીક્ષા અંગીકાર કર્યા પછી તેઓ ઉત્કટ તપશ્ચર્યાદ્વારા જન્મ-જન્મનાં પાપોને વિખેરી નાખે છે, ચીકણાં કર્મોને ભસ્મીભૂત કરી નાખે છે અને શત્રુ-મિત્ર ઉપર સમભાવ કેળવી, વીત-રાગદશાને પામી કેવળજ્ઞાન અને કેવળદર્શનને વરે છે. મતલબ કે તેમને સંપૂર્ણ જ્ઞાન પેદા થાય છે, જેનાવડે તેઓ ત્રણેય કાલના-ભૂત, ભવિષ્ય અને વર્તમાન તમામ ભાવોને યથાર્થપણે જાણે છે અને જુએ છે અને તેથી જ કોણ ક્યાંથી આવ્યો ? ક્યાં જશે ? અનંતકાળ પહેલાં તે કઇ કઇ અવસ્થા ભોગવતો હતો ? ક્યારે એનો ઉદ્ધાર થશે ? વગેરે વગેરે વસ્તુઓ તેમને હસ્તામલકવત્ સ્પષ્ટ હોય છે.

આત્માનો પરમ વિકાસ સાધે તેને પરમાત્મા કહેવામાં આવે છે. આવા પરમાત્માઓ બે પ્રકારના હોય છે : જીવનમુક્ત અને વિદેહમુક્ત. તેમાં જેમણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મોનો જડમૂળથી વિનાશ કર્યો હોય છે, તેમને જીવનમુક્ત કહેવાય છે અને જેમણે નામકર્મ, ગોત્રકર્મ, આયુષ્યકર્મ અને વેદનીયકર્મ એ ચાર અઘાતી કર્મોનો પણ જડમૂળથી

નાશ કર્યો છે, તેઓ વિદેહમુક્ત યાને સિદ્ધ કહેવાય છે. જીવનમુક્ત પરમાત્માઓ અર્થાત્ તીર્થંકરો આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ ત્રાપથી સંતપ્ત જીવોને અમૃત વાણીના ધોધદ્વારા અપૂર્વ બોધપાઠ આપે છે, વિશ્વશાંતિનો સાચો પયગામ પાઠવે છે, સત્ય સુખનું ભાન કરાવે છે, અજ્ઞાનરૂપ અંધકારને દૂર સુદૂર હડસેલી મૂકે છે અને મુક્તિપુરીના શાશ્વત સુખોને અપાવે છે.

જૈન ધર્મના સિદ્ધાંતો વીતરાગ અને સર્વજ્ઞકથિત હોવાથી ખૂબ જ વિશાળ તેમ જ સત્યમૂલક છે અને તે કારણે જ તેની વિશ્વોપકારિતા સિદ્ધ છે.

જૈન સિદ્ધાંત કહે છે કે જગતના સઘળાં ય પ્રાણીઓ-જીવો જીવવાની ઇચ્છા રાખે છે. કોઈને મરણ ઇષ્ટ નથી, સૌને સુખ ઈષ્ટ છે, અને દુઃખ અનિષ્ટ છે. અપૂર્વ ઋદ્ધિ-સિદ્ધિમાં મહાલનાર ઈંદ્ર પણ જીવવાની આશા રાખે છે, તેમ વિષ્ટામાં રહેતો કીડો પણ વિષ્ટામાં રહીને જીવવાને ઈચ્છે છે. બન્નેને મરણનો ભય સરખો છે, માટે જ દરેકે દરેક પ્રાણીનું રક્ષણ કરવું જોઇએ, ભલે પછી તે એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, જાનવર હોય કે મનુષ્ય હોય. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિમાં પણ જીવ છે. જેવો આપણો આત્મા છે, તેવો જ સૌનો આત્મા છે. કીડીના આત્મામાં અને કુંજરના આત્મામાં જરાય ફરક નથી, કારણ કે એનો એ આત્મા કીડીરૂપે થાય છે અને કુંજરરૂપે પણ થાય છે. સંકોચ-વિકાસ એ જીવનો ધર્મ

છે. કર્મવશ આત્મા ચોરાશી લાખ જીવયોનીમાં ઉત્પન્ન થાય છે.

જે આપણને હરકત કરે તેને મારવામાં પાપ નહિ, આવું વચન એ હિંસક વચન છે. આ તો સર્વજ્ઞ પરમાત્માનું શાસન છે. તેની વિશાળ દૃષ્ટિ છે કે કોઇ પણ જીવ–આત્મા આપણું બૂરું કરે, આપણને સતાવે, તેનું પણ રક્ષણ કરો. પછી ચાહે તો તે પશુ હોય કે મનુષ્ય હોય, ગમે તે દેશનો હોય અને ગમે ત્યાં રહેતો હોય.

જૈન ધર્મની કેટલી વિશાળતા? કેવી ઉચ્ચતા? જિનેશ્વર દેવોની કેવી અપ્રતિમ લોકકલ્યાણની ભાવના? સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રાણી માટે પણ રક્ષાનો ઉપદેશ, બૂરું કરનારની અને બૂરું ચિંતવનારની પણ રક્ષા, તેનું ભલું થાઓ એ જ એક ભાવના તેમાં સમાયલી છે.

આપણને એક કાંટો વાગે છે, તો હાયવોય કરીએ છીએ, રાડ પાડીએ છીએ, તો પછી બીજા જીવોના ઉપર અત્યાચાર કેમ ગુજારાય? શું એમને દુઃખ નહિ થાય? જેમ આપણને દુઃખ થાય છે, તેમ સૌને દુઃખ થાય છે. સૌથી કિંમતીમાં કિંમતી વસ્તુ પ્રાણ (જાન) છે. કરોડોના ખર્ચે પણ જીવન મળી શકતું નથી.

મનુષ્ય બીજા પ્રાણીઓ કરતાં સમજદાર અને સમર્થ છે; માટે જ નિર્બળનું રક્ષણ કરવું એ મનુષ્યની પહેલી ફરજ છે. પોતાનાં સુખ માટે બીજા પ્રાણીનાં સુખને ઝૂંટવી લેવું, એ કેવળ પાશવવૃત્તિ છે.

જે પ્રાણીઓ બિચારા મૂક છે, વાચાથી બોલી શકતા નથી, એવા નિર્બળ જીવોનો પોતાના સ્વાર્થખાતર સંહાર કરવો, એ ભયંકર અન્યાય છે. એમાં માનવતા નથી, પણ ચોકખી દાનવતા છે.

જિનેશ્વરદેવો કહે છે કે જૂઠનો ત્યાગ કરો. એ પણ એક મહાપાપ છે. જૂઠ બોલવાથી મુખ અપવિત્ર બને છે અને સહુનો વિશ્વાસ ઉઠી જાય છે, માટે પ્રિય, પથ્ય, હિતકારી અને તથ્ય (હોય તેવું) બોલો.

ચોરીનો ત્યાગ કરો, કોઈને ન છેતરો. ખીસ્સા કાપવા, તાળાં તોડવાં કે કોઇનો ધનમાલ પચાવવો, એ મહાન પાપ છે. ખોટા લેખ તૈયાર કરવા કે ખોટી સાક્ષી આપવી એ પણ મહાપાપ છે. એ બધાનો ત્યાગ કરો.

બ્રહ્મચર્યનું પાલન કરો. બ્રહ્મચર્ય એ આત્મજ્ઞાનને પેદા કરવાનું અમોઘ સાધન છે. દેવો–દાનવો શુદ્ધ બ્રહ્મચારીના દાસ બને છે. તેનું વચન નિષ્ફળ જતું નથી. જગતમાં તે મહાન્ પવિત્ર અને ઉત્તમ પુરુષ તરીકે પંકાય છે.

વધારે સંગ્રહખોરી ન કરો, જરૂરિયાતને ઓછી કરો, કોઇ પણ વસ્તુ ઉપર મમત્વભાવ–મૂર્ચ્છા ન રાખો. 'સંતોષી નર સદા સુખી,' માટે જેટલી જરૂરીયાત ઓછી તેટલું જ સુખ અને તેટલી જ શાંતિ. આજના યુગમાં અઢળક સંપતિ શા શા વિષમ કાર્યો કરે છે, તે આપણી જાણ બહાર નથી. આથી જ જૈન ધર્મનું પરિગ્રહ–પરિમાણ–વ્રત સર્વદેશીય ઉપકારક છે.

રાત્રિભોજનનો ત્યાગ કરો. રાતે ખાવાથી ઘણા જીવોની હિંસા થાય છે, બુદ્ધિ બગડે છે અને બીજા જન્મમાં દુર્ગતિમાં જવું પડે છે.

ચાલવું પડે તો જોઈને ચાલો, પાણી વગેરે ગળીને પીઓ. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આ બધા ભયંકર શત્રુઓ છે, તેને ઓછા કરો.

કોઈની નિંદામાં ન પડો, કોઇની ઇર્ષ્યા ન કરો. આત્માને ઓળખો. રગડાઝગડામાં ન પડો. પરસ્પર પ્રેમભાવ રાખો. કોઇનું બૂરું ન કરો.

સર્વ પ્રાણી પ્રત્યે મૈત્રીભાવ રાખો. દુનિયાના તમામ પ્રાણીઓ આપણા મિત્રતુલ્ય છે, માટે કોઈને ન મારો, ન હણો, કોઇને દુઃખી ન કરો, કોઈને હેરાન–પરેશાન ન કરો.

બીજાને આપણે દુઃખી કરીશું તો તેનાં કડવાં ફળો આપણને જન્મ–જન્મમાં ચાખવા પડશે, અનેકવાર મરવું પડશે, માટે સુખની ઈચ્છાવાળા પ્રાણીએ સૌને સુખી કરવા. સૌના સુખે આપણો આત્મા પૂર્ણ સુખી બની શકે છે.

ગુણી આત્માને જોઇને ખુશી થાવ, દુઃખીને દેખી તેનું દુઃખ દૂર કરવાની ભાવના રાખો.

નીચ, અધમ કે પાપી આત્મા પ્રત્યે તિરસ્કારવૃત્તિ ન દાખવતા મધ્યસ્થ ભાવને રાખો. સમજે તો તેને સમજાવો; નહિ તો ઉપેક્ષાવૃત્તિ રાખો.

થોડામાંથી થોડું આપતાં શીખો, દાનધર્મને ન ભૂલો, દીન-દુઃખીનો ઉદ્ધાર કરો. ઉત્તમ પ્રકારનું શીલ પાળો અર્થાત્ ચારિત્રને આદર્શ બનાવો. બને તેટલી તપશ્ચર્યા કરો અને શુદ્ધ ભાવના રાખી જીવન પસાર કરો. આ જૈન ધર્મનો મુખ્ય ઉપદેશ છે. તેને જો જીવનમાં ઉતારવામાં આવે તો અમૂલ્ય માનવદેહ સાર્થક કર્યો ગણાય. પુનઃ આ માનવદેહ મળવો ઘણો જ દુર્લભ છે, માટે આળસ-પ્રમાદનો ત્યાગ કરી ધર્મને જીવનમાં ઉતારો અને અનંત અવ્યાબાધ સુખના ભાગી થાઓ.

: ૨ :

# જૈન સાધુ

જૈન સાધુ બનનાર વ્યક્તિઓ હજારો લાખોની મીલ્કત, મકાન, બાગ, બંગલા આદિ વિપુલ સામગ્રી, તેમજ માતાપિતા, ભાઈબહેન, પુત્રપરિવાર આદિ સ્વજન સંબંધીઓને ત્યજી, તેનો મોહ ઉતારી, ક્ષણભંગુર તુચ્છ ભોગવિલાસોમાં જીવન ન ગાળતા મુક્તિમાર્ગની સાધના માટે જિનેશ્વર દેવોએ કથન કરેલા સંયમના પુનિતપંથે પ્રયાણ કરવા તૈયાર થાય છે. ત્યાગી ગુરુદેવોની પાસે દીક્ષા( સંન્યાસ ) અંગીકાર કરે છે. દીક્ષા લેતાંની સાથે જ તેમને પાંચ મોટી પ્રતિજ્ઞાઓ (મહાવ્રતો) લેવાની હોય છે.

**પ્રથમ પ્રતિજ્ઞા** જીવનભર નાના કે મોટા કોઈ પણ જીવની હિંસા ન કરવાની હોય છે. તેનું તેઓ મન, વચન અને કાયાથી પાલન કરે છે. તેઓ પૃથ્વી ખોદતા નથી, ઠંડા જળનો ઉપયોગ કરતા નથી, ગમે તેવી ઠંડીમાં પણ તાપણું કરી તાપતા નથી, પંખાનો ઉપયોગ કરતા નથી કે ( લીલોતરી ) વનસ્પતિનો સ્પર્શ કરતા નથી.

**બીજી પ્રતિજ્ઞા** જૂઠનો સદંતર ત્યાગ કરવાની હોય છે. તેનું તેઓ મન, વચન, કાયાથી પાલન કરે છે. તેઓ મધુર, હિતકારી અને સત્ય વચન જ બોલે છે.

**ત્રીજી પ્રતિજ્ઞા** ચોરીનો સર્વથા ત્યાગ કરવાની હોય છે. તેનું તેઓ મન, વચન, કાયાથી પાલન કરે છે. તેઓ નાનામાં નાની વસ્તુ પણ માલિકના આપ્યા વિના લેતા નથી.

**ચોથી પ્રતિજ્ઞા** મૈથુનનો ત્યાગ કરવાની હોય છે. તેનું તેઓ મન, વચન, કાયાથી પાલન કરે છે. તેઓ કોઈ પણ સંયોગોમાં સ્ત્રીને અડતા નથી. ભૂલથી સ્ત્રીનું વસ્ત્ર જો અડી જાય તો તેમને પ્રાયશ્ચિત લેવું પડે છે. જે મકાનમાં સ્ત્રી રહેતી હોય, ત્યાં તેઓ વાસ પણ કરતા નથી. રાત્રિના તેમના આવાસસ્થાનમાં સ્ત્રીઓને જવા આવવાની ખાસ બંધી હોય છે. તેઓ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળે છે.

**પાંચમી પ્રતિજ્ઞા** આજીવન પરિગ્રહનો ત્યાગ કરવાની હોય છે. તેનું તેઓ મન, વચન, કાયાથી પાલન કરે છે. તેઓ સોનું, રૂપું, રૂપિયા, નોટ, અરે! એક પૈસો પણ પાસે રાખતા નથી. તમામ પરિગ્રહનો તેઓ ત્યાગ કરે છે. તેમનું જીવન ખૂબ જ સાદું હોય છે. વસ્ત્રો પણ બહુ જ અલ્પ તેમજ સીવ્યા વગરના વાપરે છે. તેમની માલીકીના મંદિર, મઠ કે મકાન કશું જ હોતું નથી.

જૈન સાધુઓ ગાડી, ઘોડા, સાઇકલ, મોટર, પ્લેન યા કોઈ પણ અન્ય વાહનોનો ઉપયોગ કરતા નથી. દેશ દેશાવરમાં તેઓ પાદવિહાર કરી ઠેકઠેકાણે ફરે છે. અનેક કષ્ટોનો સામનો કરી ગામડે ગામડે અને શહેરે શહેરે તમામ જનતાને— સમસ્ત પ્રજાને આત્મહિતકર ઉપદેશ આપે છે. કોઈ પણ જાતના સ્વાર્થ વગર જનતાને કલ્યાણનો સાચો રાહ દર્શાવે છે.

છત્રી, જોડા, બૂટ વગેરેનો પણ તેઓ ઉપયોગ કરતા નથી, તેમ જ તેમને કોઇ જાતનું વ્યસન હોતું નથી.

હમેશા જ્ઞાન, ધ્યાન, શાસ્ત્રચિંતન અને પઠન-પાઠનમાં જ કાળ નિર્ગમન કરે છે.

જૈન સાધુઓ પોતાને હાથે રસોઈ બનાવતા નથી, પરંતુ ઘેર ઘેર ભિક્ષા-ગોચરી લેવા જાય છે. ત્યાં માધુકરી વૃત્તિથી નિર્દોષ આહારપાણી ગ્રહણ કરે છે. ગૃહસ્થો પોતાના શ્રેય માટે સર્વસ્વ સમર્પણ કરે છે, પણ એ ત્યાગી સાધુઓ ખપ પૂરતી જ વસ્તુઓ ગ્રહણ કરે છે. રાતના કોઈ પણ વસ્તુ રાખવાની હોતી નથી,

માથાના વાળ પણ હાથથી રાજીખુશીથી ખેંચી કાઢે છે. શરીર પરના મમત્વને દૂર કરવા આવા કઠીન પરીષહો પણ તેઓ આનંદથી સહન કરે છે.

સૂર્યોદય પછી બે ઘડી (૪૮ મિનિટ) પછી જ કંઈ પણ વસ્તુ મુખમાં નાંખવી હોય તો નાંખે છે અને સૂર્યાસ્ત પછી ભોજન-પાણીનો ઉપયોગ બીલકુલ કરતા નથી. જૈન સાધુઓ આવી કઠિન પ્રતિજ્ઞાઓનું સહર્ષ પાલન કરે છે.

જૈન સાધુનું આખું ય જીવન આત્મશુદ્ધિ અને વિશ્વોપકાર માટે હોય છે. વિસ્તારના ભયથી અહીં વધુ લખતા નથી.

આવા મહાન ત્યાગી સંતો-સાધુઓ આજ પણ સેંકડોની સંખ્યામાં આ પૃથ્વીતલ પર પગપાળા પ્રવાસ કરી રહ્યા છે. આજે જગતમાં જે કંઇ શાંતિ, સુખ ને આબાદી

નજરે ચઢે છે, એ પ્રતાપ આ ત્યાગી સાધુઓનો અને તપસ્વી પુણ્યાત્માઓનો છે.

---

**જૈન સાધુઓ**, આત્માના અભ્યુદયનો માર્ગ ચીંધી જગત ઉપર જે ઉપકાર કરી રહ્યા છે. તે અપ્રતિમઅને અસાધારણ છે.

ત્યારે-જનસેવા, માનવસેવા એ ઉપકારનો સામાન્ય પ્રકાર છે. ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ અને વસ્ત્રવિહોણાને વસ્ત્ર આપવા તેના કરતાં પણ એક માણસને ધર્મના માર્ગે ચઢાવવાથી, તેને સાચું માર્ગદર્શન આપવાથી, તે હિંસાનો ત્યાગ કરી અહિંસક બને છે, જૂઠનો ત્યાગ કરી સત્યનો પૂજારી બને છે. ચોરી-જારીથી દૂર રહી સદાચારી અને નીતિમય જીવન ગુજારે છે, સ્વસ્વભાવને પીછાણી કામક્રોધાદિ અંતરંગ શત્રુઓને જીતી, સમતામાં રહી, વૈરવિરોધનો ત્યાગ કરે છે, નિંદા-ઈર્ષ્યાથી દૂર રહે છે, અને આત્માને ઓળખી પોતાનો તથા પરનો ઉપકાર કરે છે. એથી તેના જન્મ-મરણના ફેરા ટળે છે અને મળેલ માનવભવ સાર્થક થાય છે. એટલે જનસેવા એ એક પ્રકારની અનુકંપા છે અને આ બીજા પ્રકારની સેવા એ સાચો ઉપકાર છે. આવો મહાન ઉપકાર કરનારા **જૈન શ્રમણો છે.**

---

: ૩ :

## આત્મા

આજે ઘણા મનુષ્યો ધર્મની આરાધનામાં પરમાત્માની ભક્તિ–સેવા, અને ઉપાસનામાં શિથિલ બન્યા છે, તેનું મુખ્ય કારણ એ છે કે તેઓ આત્માને માનતા નથી. તેમને આત્માના અસ્તિત્વમાં સંદેહ છે અને આત્માના અસ્તિત્વમાં જ્યારે સંદેહ થાય ત્યારે પુણ્ય, પાપ કે પરલોક જેવી ચીજ તો માને જ શાના ?

એ વર્ગ એમ કહે છે કે 'બીજી વસ્તુઓ જેમ નજરે દેખાય છે, તેમ આત્મા દેખાતો નથી અને જે વસ્તુ દેખાય નહિ તે શી રીતે માની શકાય ?'

તેના જવાબમાં જ્ઞાની પુરુષો જણાવે છે કે–આત્મા એ સિદ્ધ વસ્તુ છે પણ અરૂપી હોવાથી આપણને દેખાતો નથી. પવન આપણને કયાં દેખાય છે ? છતાં કોઇ પૂછે કે પવન છે કે નહીં ? તો કહેવું જ પડશે કે પવન છે; કારણ કે ઝાડનાં પાંદડા હાલવા વગેરેથી પવનનું કાર્ય દેખાય છે. કોઈ પૂછે કે આપણા દાદા, પડદાદા અને આપણી હજારથી લાખમી પેઢી થઇ કે નહીં ? તો જરૂર જવાબ મળશે કે–હા. કારણ કે આપણે છીએ, એથી આપણી પૂર્વની પેઢીઓ સિદ્ધ થાય છે.

વૃક્ષનું મૂળ કયાં દેખાય છે? છતાં છે કે નહી? કહેવું જ પડશે કે મૂળ છે. મૂળ વગર ઝાડ, પાન, ફળ, ફૂલ વગેરે કેમ સંભવી શકે? મૂળનું હોવું જરૂરી છે, એમ આપણે માનીએ છીએ. તાત્પર્ય કે કાર્યને લીધે કારણ છે, એમ સિદ્ધ થાય છે.

આત્માનું કાર્ય જીવતા માણસમાં દેખાય છે, કારણ કે જીવતો માણસ હાલે છે, ચાલે છે, બોલે છે, ભિન્ન ભિન્ન પ્રકારની ક્રિયાઓ કરે છે અને વિચાર પણ કરે છે. આ બધું મુડદામાં હોતું નથી. એક મિનિટ પહેલાં જીવતાં માણસમાં જે હલનચલનાદિ જોવામાં આવે છે, તે બીજી મિનિટે મુડદું થયા પછી જોવામાં આવતા નથી, તેથી સમજાય છે કે જીવતા માણસમાં આત્મા છે અને મુડદામાં આત્મા નથી. આ રીતે આત્માનું કાર્ય આપણને પ્રત્યક્ષ દેખાય છે, તેથી આપણે આત્માને સારી રીતે સમજી શકીએ છીએ.

શરીર એ આત્માનું ઘર છે. ઘરમાં રહેનાર ઘરથી જુદો હોય છે. ઘર કે મહેલ પડી જાય, અથવા ભાડાના મકાનની મુદત પૂરી થતાં રહેનાર ઘર છોડીને ખાલી કરીને બીજે વસવાટ કરે તેમ આ શરીરમાં આત્માને રહેવાની મુદત પૂરી થતાં આત્મા કર્માનુસાર બીજે સ્થળે (બાંધેલા આયુષ્ય પ્રમાણે) ચાલ્યો જાય છે.

બીજા જન્મમાં તે બીજું શરીર ધારણ કરે છે. તેની મુદત પૂરી થતાં, ત્રીજા જન્મમાં જાય છે, ત્યાં તે ત્રીજું શરીર ધારણ કરે છે. એમ અનાદિકાળથી જન્મમરણની પરંપરા કર્માનુસાર ચાલ્યા કરે છે.

તલવારથી મ્યાન જુદું છે, તેમ દેહથી આત્મા જુદો છે. જેમ દૂધમાં ઘી વિદ્યમાન હોવા છતાં નરી આંખે દેખાતું નથી, પણ પ્રયોગ દ્વારા તૈયાર કરેલું ઘી દેખાય છે, તેમ આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન યાને સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ દર્શન દ્વારા જાણી શકાય છે, દેખી શકાય છે. જ્ઞાન-રૂપ કાર્ય આત્માનું છે; જડનું નહિ. જડમાં જ્ઞાનનો લેશ પણ હોતો નથી. શરીર એ ભોગ્ય છે, તેનો ભોક્તા કોઇ હોવો જોઇએ. તે જ આત્મા છે. ભોગ્યથી ભોક્તા જુદો જ હોય છે.

હું કોણ છું ? એ પ્રતીતિ આત્માને સિદ્ધ કરે છે. થાંભલો, પાટ, પાટલો કે કોઈ પણ જડ વસ્તુને ' હું છું ' એવો પ્રતિભાસ થતો નથી. જ્યારે શરીરમાં આત્મા હોય છે, ત્યારે જ ' હું છું ' તેમજ ' હું સુખી ', ' હું દુઃખી ' વગેરે વગેરે બોલે છે, પણ જ્યારે શરીરમાંથી આત્મા નિકળી જાય છે, ત્યારે મુડદામાંથી ' હું છું ' એવો ભાસ થતો નથી, માટે શરીર એ જુદી વસ્તુ છે અને આત્મા એ જુદી વસ્તુ છે. ઝરુખો અને ઝરુખામાં ઊભો રહેનાર માણસ ઝરુખાથી જુદો છે, તેમ શરીર અને શરીરમાં રહી તમામ વસ્તુઓને દેખનાર જુદો છે. આંખ દેખતી નથી, પણ આત્મા દેખે છે. મુડદામાં મોટી આંખ હોવા છતાં મુડદું કેમ દેખતું નથી ? કહેવું જ પડશે કે આંખ દેખતી નથી પણ એમાં આત્મા હતો તે દેખતો હતો. આંખ એ સાધન છે. જેમ મકાનમાંથી બારી કે દરવાજાદ્વારા માણસ બહાર જુએ છે, તેમ માણસ આંખદ્વારા દેખી શકે છે, તેથી આંખ વગેરે ઇન્દ્રિયો એ જુદી વસ્તુ છે અને આત્મા એ જુદી વસ્તુ છે.

જેમ અરણીનાં લાકડામાં અગ્નિ અને દૂધમાં ઘી ન દેખાવા છતાં એમાં વ્યાપીને રહેલા છે, તેમ આત્મા શરીરમાં વ્યાપીને રહેલો છે. આમ જે આત્મા પોતાનાં સ્વરૂપને પીછાણી લે છે, ધર્મકરણીમાં લીન બને છે, કર્મોને તોડી નાખે છે, ત્યારે જન્મમરણરહિત બને છે. તે અમર આત્મા મુક્તિનાં સ્થાનમાં હમેશને માટે અખંડ આનંદને ભોગવનારો અનંત સુખી બને છે.

આ પ્રમાણે આત્મા અનેક પ્રમાણોથી સિદ્ધ છે, એટલે આત્મા ક્યાંકથી આવ્યો છે અને આ શરીર છોડી બીજે કોઇપણ ઠેકાણે જવાનો છે, એ વાત પણ સુનિશ્ચિત છે.

આત્મા સ્વભાવે અમર છે, અખંડ છે અને અવિનાશી છે, છતાં કર્મવશાત્ તેને જન્મમરણ કરવા પડે છે, સંસારમાં ભટકવું પડે છે અને દુઃખી થવું પડે છે. કર્મોનો નાશ થવાથી આત્મા સ્વસ્વરૂપમાં આવીને પૂર્ણ બને છે, તેથી જ જ્ઞાનીઓએ કહ્યું છે કે—'**अप्पा सो परमप्पा**' આત્મા છે 'તે જ (વિકાસ પામવાથી) પરમાત્મા બને છે.'

: ૪ :

# કર્મ

આ જગત્ કેટકેટલી વિચિત્રતાથી ભરેલું દેખાય છે? એક રાજા, એક રંક, એક દુઃખી, એક રોગી, એક નીરોગી, એક કાળો, એક ગોરો, એક જાડો, એક પાતળો, એક શેઠ, એક નોકર, એક મૂર્ખ, એક બુદ્ધિશાળી! એ જ રીતે નીચો-ઊંચો, લૂલો-લંગડો, આંધળો-બ્હેરો, રૂપાળો દેખાવડો અને કદરૂપો! આ બધી વિચિત્રતા કેમ? કહેવું જ પડશે કે આ પ્રકારની વિચિત્રતા ઉત્પન્ન કરનારી કોઈ શક્તિ તેની પાછળ કામ કરી રહી છે, જેથી જગત આવું વિચિત્રતાભર્યું જણાય છે. આ શક્તિનું નામ છે કર્મ. આપણે નરી આંખે કર્મને જોઈ શકતા નથી પણ તેનાં કાર્યથી આપણે તેને જાણી શકીએ છીએ.

લોકો એમ કહેતા હતા કે હિટલર કોઈ કાળે હારે તેમ નથી. તેના વિજયી ડંકા વાગી રહ્યા હતા, છતાં ય તેનો આજે પત્તો નથી અને જેનું ભાષણ સાંભળવા એક વખત હજારો લાખો માણસો આતુર રહેતા હતા, દોડધામ કરતા હતા, એનો બોલ સાંભળવા પણ કોઈ તૈયાર નથી. મોટા મોટા રાજાઓનાં સિંહાસનો ડોલી ઉઠ્યાં, અભિમાનમાં અક્કડ બનીને ફરનારા ઘડીના છઠ્ઠા ભાગમાં જમીનદોસ્ત થઈ ગયા. આ બધાનું મુખ્ય કારણ શું? કર્મ.

એક જ માતાના ઉદરમાં એકી સાથે જન્મેલા જોડલામાં પણ એક મૂર્ખ અને બીજો બુદ્ધિશાળી જોવાય છે, એક શ્રીમંત અને બીજો રંક જોવાય છે, તેનું કારણ શું ? ગર્ભમાં તો કર્મ કર્યાં નથી, છતાં આટલી બધી વિચિત્રતા કેમ ? માનવું જ પડશે કે પૂર્વભવનાં કર્મનાં પરિણામે એક સાથે જન્મવા છતાં આવી ગજબની વિચિત્રતા જણાય છે.

અનાદિ કાળથી ખાણમાં રહેલું સોનું જેમ માટીથી સેળભેળ હોય છે, તેમ આ આત્મા પણ અનાદિ કાળથી કર્મ-વડે લેપાયેલો છે. જેમ સુવર્ણ ખાણમાંથી બહાર કાઢ્યા પછી તેજાબ વગેરે પ્રયોગોદ્વારા શુદ્ધ અને નિર્મળ બને છે, તેવી જ રીતે આત્મા પણ તપ, સંયમ અને દયા–દાન આદિ સાધનોવડે કર્મથી વિમુક્ત બને છે.

જીવાત્માની સંખ્યા અનંતાનંત છે. સૌનો આત્મા જુદો છે. જો એક જ આત્મા હોત તો એકનાં સુખે સૌ સુખી અને એકનાં દુઃખે સૌ દુઃખી જોવામાં આવત, પણ એથી ઉલટું જ જોવામાં આવે છે. જે વ્યક્તિ સાકર ખાય છે, તેને જ સાકર મીઠી લાગે છે. એક વ્યક્તિ મરણ પામતા તેની સાથે બધાં કંઇ મરી જતાં નથી, તેથી સમજી શકીએ છીએ કે, સ્વરૂપે સૌ આત્મા સરખા હોવા છતાં વ્યક્તિગત બધા આત્મા જુદા છે.

જે જે આત્મા કર્મથી વિમુક્ત બને છે, તે બધા જ પરમાત્મા બને છે. શુદ્ધ બનેલા આત્માને પુનઃ કર્મો લાગતા નથી, તેમજ તેને અવતાર કે જન્મ લેવાનો હોતો નથી.

બીજ બળી જવાથી અંકુરો ઉત્પન્ન થતાં નથી, તેમ કર્મરૂપી બીજ સર્વથા બળી જવાથી સંસારરૂપ અંકુર ઉત્પન્ન થતો નથી. મતલબ ફરી જન્મ કે અવતાર લેવો પડતો નથી. તે આત્મા અજર, અમર બની જાય છે.

એ પરમાત્મા બનેલા આત્માઓ આ દેહને છોડી એક સમય જેટલા સૂક્ષ્મકાળમાં સાત રજ્જુ ઊંચે પહોંચી જાય છે, જ્યાં અનંત સિદ્ધાત્માઓ વાસ કરી રહ્યા છે. ત્યાં તે આત્માઓને નથી જન્મ કે મરણ, નથી રોગ કે શોક, નથી સંયોગ કે વિયોગ, નથી કોઈ જાતની લેશ માત્ર પણ ઉપાધિ. ત્યાં સૌ સદાકાળને માટે અનંત આનંદ–સાગરમાં ઝીલી રહ્યા છે.

જે આત્માઓ શુદ્ધ અને નિર્મળ બને છે, તે બધા પરમાત્મા કહેવાય છે, એટલે એક જ પરમાત્મા છે, એ વાત પણ ભૂલભરેલી છે. જો આપણો આત્મા, પરમાત્મા બની શકતો ન હોત તો સાધુ–સંતોને ઘર છોડવાની કે ઉત્કટ તપશ્ચર્યાઓ આદરવાની જરૂર ન રહેત. સાધુસંતો મુક્તિનાં ધ્યેયથી જ દરેક ક્રિયાઓ–તપશ્ચર્યાઓ કરી રહ્યા છે. પ્રયોજન વગર મૂર્ખ માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી, તો બુદ્ધિશાળી અને તપસ્વી સંતપુરુષો તો કેમ જ કરે ?

આત્મા અમર છે, અખંડ છે, અવિનાશી છે. જેમ એક માણુસ જૂનાં વસ્રો ઉતારી નાખે છે અને નવાં વસ્રો પહેરે છે, તેમ આ આત્મા એક શરીરને છોડી બીજું શરીર ધારણ કરે છે. કર્માનુસાર વિવિધ ગતિઓમાં ભટકી અનેક પ્રકારની યાતનાઓ–પીડાઓનો ભોગ બને છે. હિંસા, જૂઠ, ચોરી,

દુરાચાર, અનીતિ, બૂરાઈ, ઈર્ષ્યા અને નિંદા-વિકથાદ્વારા અશુભ કર્મોનો સંચય થાય છે. તેનાં પરિણામે આત્માને જન્મ-જન્મનાં અસહ્ય દુઃખો સહવા પડે છે.

માણસ વર્તમાનકાળનો વિચાર કરે છે, પણ ભવિષ્યનો વિચાર કરતો નથી. પાંચ-પચાસ વર્ષનાં ટૂંકા જીવન માટે, માનપાન માટે, મોટો કહેવડાવવા માટે, ધર્મ-કર્મને ભૂલી જાય છે, આત્માને ભૂલી જાય છે; પરિણામે આત્માને કર્મનાં કટુ ફળો ચાખવા પડે છે.

ભવિષ્યકાળ અનંત છે. એક ટૂંકા જીવનમાં તુચ્છ સુખોની ખાતર અનંત કાળના દુઃખો વહોરી લે છે. અહાહા ! કેટલી મૂઢતા !

માનવી બુદ્ધિનો ફાંકો રાખે છે. ગર્વિષ્ઠ થઈ યદ્વાતદ્વા બકે છે. આ જીવનમાં મિનિટ મિનિટનો વિચાર કરે છે, પણ આ જીવન ૐ फट् स्वाहा થયા પછી શું? શરીરમાંથી આત્મા નીકળી ગયા પછી શી દશા થશે? કયાં જશે? એનો લેશમાત્ર વિચાર કરતો નથી. રાજમહેલો, સાહ્યબી કે સત્તા બધું ય આ જન્મ પૂરતું છે. નહિ ખાવા યોગ્ય પદાર્થો જેવા કે દારૂ, માંસ, અભક્ષ્ય અને અપેય વસ્તુઓથી જે શરીરને પાળી-પોષી રૂષ્ટ-પુષ્ટ બનાવીએ છીએ, એ શરીરની અંતે રાખ થવાની છે, એ વાતને છેક જ ભૂલી જાય છે.

હા! હા!! અજ્ઞાની આત્મા ભોગવિલાસમાં મસ્ત બની જાનવરની જેમ જીવન પૂરું કરે છે અને અમૂલ્ય માનવદેહને હારી જાય છે. જયાંથી રત્નો ભરવા જોઇએ ત્યાંથી કાંકરા ભરે

છે. એ કેટલું વિચિત્ર ? માણસને પોતાનાં કપડાં જરાય મેલાં કે ગંદા ગમતાં નથી, તેમજ કચરાથી ભરેલું ઘર પસંદ પડતું નથી, તો આત્માની મલિનતા કેમ પસંદ પડતી હશે?

માણસ મકાનમાંથી વારંવાર કચરો સાફ કરે છે અને મકાનને સ્વચ્છ રાખે છે. વળી પોતાનાં શરીરનો મેલ દૂર કરવા ગરમ પાણી અને સાબુવડે ખૂબ ચોળી ચોળીને સ્નાન કરે છે. તેજ રીતે કપડાંને રોજ સાફ રાખે છે, પરંતુ પોતાનો આત્મા મેલો છે, છતાં તેને શુદ્ધ કરવા માટે જરાય મહેનત કરતો નથી ! આત્માનું આ જ મોટું અજ્ઞાન છે. શરીર, ધન, માલ, મીલ્કત અને સ્વજનપરિવારાદિ ક્ષણ-વિનશ્વર છે. એના મોહમાં માણસ અમર રહેવા આત્માને ભૂલી જાય છે, તે કેટલું શોચનીય છે !

દારૂ જડ પદાર્થ હોવા છતાં આત્માને બેભાન બનાવે છે, તેવી જ રીતે કર્મ જડ હોવા છતાં આત્માને અસર કરે છે અને ફળ આપે છે. એ કર્મોથી મુક્તિ મેળવવી હોય, શાશ્વત શાંતિ પ્રાપ્ત કરવી હોય, પૂર્ણ સુખી બનવું હોય અને હંમેશને માટે અખંડ આનંદમાં ઝીલવું હોય તો જ્ઞાની પુરુષોએ બતાવેલા માર્ગે ચાલવું જોઇએ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રને અનુસરવું જોઈએ. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવી, અહિંસક વૃત્તિ રાખી, સદાચાર, ન્યાય, નીતિ અને સત્યનું પાલન કરવું જોઈએ, તપશ્ચર્યાઓ આદરવી જોઇએ, ઇન્દ્રિયોના ગુલામ ન બનતાં તેનું દમન કરવું જોઇએ, આત્માને ઓળખી આત્મવિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ, જેથી આત્મા ધીરે ધીરે કર્મથી

હળવો બને અને અંતે કર્મરહિત બની મુક્તિધામમાં–મોક્ષમાં શાશ્વત સુખનો ભોક્તા બને.

કર્મ કેટલા પ્રકારના છે? તેનો બંધ કેવી રીતે પડે છે? તેનું ફળ કેવી રીતે મલે છે? અને તેની નિર્જરા–નાશ કેવી રીતે થાય છે? તે જૈન શાસ્ત્રોમાં ખૂબ વિસ્તારથી બતાવેલું છે. તેમજ તેનો વિશદ બોધ થવા માટે કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, છ કર્મગ્રંથ (પ્રાચીન અને નવીન), સાર્ધશતક, મનઃસ્થિરીકરણપ્રકરણ, સંસ્કૃત ચાર કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, દ્વાત્રિંશિકા, ભાવપ્રકરણ, બંધહેતૂદયત્રિભંગી, બંધોદયસમાસ પ્રકરણ, કર્મસંવેદ્યભંગપ્રકરણ, બંધશતક આદિ ગ્રંથો પણ બનાવેલા છે. તે ઉપરાંત સેંકડો ચરિત્રો અને કથાઓ રચી કર્મની સત્તાનું આબેહૂબ ચિત્ર આલેખેલું છે. જિજ્ઞાસુઓ આ સાહિત્ય વાંચી–વિચારી કર્મનો નાશ કરવા માટે કટિબદ્ધ થાય એ જ ઇચ્છા.

## આઠ કર્મો

કર્મની મૂળપ્રકૃતિ આઠ છે. ઉત્તરપ્રકૃતિ ૧૫૮ છે અને ઉત્તરોત્તર અસંખ્યાત છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મ—જ્ઞાનગુણને આવરે છે.
(૨) દર્શનાવરણીય કર્મ—દર્શનશક્તિને દબાવે છે.
(૩) વેદનીય કર્મ—સુખદુઃખ ઉપજાવે છે.
(૪) મોહનીય કર્મ—આત્માના સ્વભાવને રોકે છે.
(૫) આયુષ્ય કર્મ—ચાર ગતિનાં બંધનમાં રાખે છે.
(૬) નામકર્મ—શરીરની આકૃતિ–રૂપરંગ વગેરેની રચના આદિ કરે છે, જેથી વિશિષ્ટ ગતિ–જાતિ આદિ પ્રાપ્ત થાય છે.

(૭) ગોત્ર કર્મ—શરીરની આકૃતિ-રૂપરંગ વગેરેની રચના આદિ કરે છે, જેથી ઉચ્ચપણું કે નીચપણું પમાય છે.

(૮) અંતરાય કર્મ—આત્માને દાન દેવામાં, વસ્તુની પ્રાપ્તિમાં, ભોગ અને ઉપભોગમાં તેમજ શક્તિમાં અંતરાય કરે છે.

---

સંસારી આત્મા સમયેસમયે સાત અથવા આઠ કર્મોને બાંધે છે ? એવો કોઇ પણ સમય નથી કે જે સમયે આત્મા કર્મ બાંધતો ન હોય ! પછી ભલે તે શુભ હોય કે અશુભ હોય ! કર્મના એ પુદ્‌ગલો-અણુઓ આત્મા સાથે ક્ષીર-નીરની જેમ એકમેક થઇ જાય છે અને એની સ્થિતિનો પરિપાક થયે આત્માને ફળ આપે છે, માટે કોઈ પણ ક્રિયા યા પ્રવૃત્તિ કરતાં વિચાર કરો કે ‘ હું શું કરી રહ્યો છું ? એનું પરિણામ શું આવશે ? કર્મનું ફળ આત્માને જ ભોગવવું પડશે. ’ કર્મસત્તાની આગળ લાંચરૂશ્વત કે આંખની શરમ કામ નહિ આવે, લાગવગ કામ નહિ આવે, કર્મસત્તાથી કોઇ રીતે છૂટી શકાશે નહિ, માટે કર્મ બાંધતા વિચાર કરો, જેથી પાછળથી પસ્તાવાનો સમય ન આવે. પછી રડવાથી, ગભરાવાથી કે નાસભાગ કરવાથી નહિ ચાલે, કર્યા કર્મ ભોગવવા જ પડશે.

“ હસતાં બાંધ્યાં કર્મ જે રોતા પણ નવિ છૂટે રે ”

: ૫ :

# ઇશ્વરની ઉપાસના

જૈન દર્શન એ એક આસ્તિક દર્શન છે. જૈન ધર્મ એ એક આસ્તિક ધર્મ છે. તેમાં ઇશ્વરની ઉપાસના–સેવાભક્તિ કરવાનું ખાસ ફરમાન છે, તેથી જ જૈનો પરમાત્માની ભક્તિમાં તન, મન અને ધન સમર્પણ કરી દે છે. જૈન મન્દિરો જોવાથી આ વસ્તુનો વધારે સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.

ભમરીનાં ધ્યાનથી ઇયળ જેમ ભમરી બને છે, તેમ પરમાત્માના ધ્યાનથી આત્મા પરમાત્મા બને છે. આત્મા સ્ફટિકરત્ન જેવો નિર્મળ છે. સ્ફટિકરત્નની નજીક જેવા રંગની વસ્તુ ધરવામાં આવે તેવા રંગનું તેમાં પ્રતિબિંબ પડે છે, તેવી જ રીતે આત્માને જેવા જેવા સંયોગો મળે છે, તેવો તે બની જાય છે. રાગ, દ્વેષ કે મોહનું નિમિત્ત મળતા તે રાગી, દ્વેષી ને મોહી બને છે. તેમ સારા સંયોગો મળતાં સારી ભાવનાઓવાળો થાય છે; માટે જ સંસારી આત્માઓને સારા નિમિત્તોની અને સારા આલંબનોની પહેલી તકે જરૂર છે. ઊંચામાં ઊંચું અને સુંદરમાં સુંદર નિમિત્ત એ પરમાત્માની પ્રશમરસનિમગ્ન એટલે શાંત મુખ-મુદ્રાવાળી વીતરાગતાનો ખ્યાલ આપતી ચિત્તાકર્ષક મનોહર મૂર્તિઓ છે. એ મૂર્તિનાં દર્શન, પૂજન અને સેવા–ભક્તિથી આત્મા ક્રમશઃ વીતરાગદશાને પામે છે.

પરમાત્માને કંઇ જોઇતું નથી પણ ભક્તજનો સંસારની મોહ–માયાથી છૂટવા, તન, મન અને ધન તેમનાં ચરણ-કમળમાં સમર્પણ કરી દે છે અને એ ભાવના ભાવે છે કે ' હે પ્રભુ ! આ બધી વસ્તુઓના મોહમાં આત્મા જન્મ-જન્મમાં ગાંડોઘેલો બન્યો, છતાં ય કોઇ જન્મમાં તૃપ્તિ થઇ નથી. હવે આ તુચ્છ જડ પદાર્થોની મૂર્ચ્છા, મોહ–માયા ત્યજી ક્યારે હું આપના જેવો વીતરાગ બનું ? વીતરાગનાં ધ્યાનથી આત્મા વીતરાગ બને છે, કારણ કે દરેક આત્મામાં વીતરાગતાનો ગુણ કર્મથી દબાઇને રહેલો છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્મા પરમાત્માસ્વરૂપ છે; માટે જ सोऽहं सोऽहंનો આપણે જાપ જપીએ અને હે પ્રભુ ! તારા સ્વરૂપમાં અને મારા સ્વરૂપમાં અંશમાત્ર ફરક નથી, પણ તમે કર્મરહિત થઇ પરમાત્મા બન્યા, જ્યારે હું કર્મવશ આ સંસારમાં ભમી રહ્યો છું, એમ બોલીએ છીએ.

આવી આવી ભાવનાપૂર્વક પરમાત્માની ભક્તિ કરવાથી આત્મા સહેલાઇથી કલ્યાણને સાધી શકે છે. જેવી રીતે જિનેશ્વરદેવની મૂર્તિ આત્માના ઉત્કર્ષ માટે ઉત્તમ આલંબન છે, તેવી જ રીતે ધાર્મિક પુસ્તકો અને ત્યાગી ગુરુદેવો વગેરે પણ પ્રશસ્ત–શ્રેષ્ઠ આલંબન છે. તેમની સોબતમાં આવ્યાથી આત્માનો પલટો થાય છે, આત્મા સન્માર્ગમાં જોડાય છે, આત્માનો વિકાસ થાય છે અને આત્મા સકલ કર્મો તોડવા માટે સમર્થ બને છે.

: ૬ :

## જગત્ ઇશ્વરે રચ્યું છે ?

ઘણાઓની માન્યતા એવી છે કે આ જગત્નો કર્તા સર્જનહાર ઈશ્વર છે, કારણ કે સામાન્ય વ્યક્તિ આવું અદ્ભુત જગત્ રચી શકે નહિ. પણ એ માન્યતા ભૂલ-ભરેલી છે. ઇશ્વરને જગતકર્તા માનવામાં ઘણા વાંધા રહેલા છે.

પ્રથમ પ્રશ્ન તો એ છે કે ઈશ્વરે શા માટે આ જગત્ની રચના કરી ? જ્યારે જગત્ હતું જ નહિ ત્યારે ઈશ્વર ક્યાં હતા ? શું ઇશ્વરને એકલા ગમતું નહોતું, તેથી લીલા માટે જગત્ની રચના કરી ? એમ કહેવાથી ઈશ્વર બાળક જેવો ગણાય.

જ્યારે ઈશ્વરે સૃષ્ટિ રચી, ત્યારે એ પણ પ્રશ્ન થશે કે ઈશ્વરને કોણે રચ્યો ? અને તેના રચનારને વળી કોણે રચ્યો ? એમ એની પરંપરા ચાલશે તો ક્યાં જઈને અટકશે ? જો ઈશ્વરે જગત્ રચ્યું એમ માનીએ તો એકને સુખી, એકને દુઃખી; એકને રાજા, એકને રંક, લૂલા, લંગડા, આંધળા, અપંગ, રૃષ્ટપુષ્ટ, આ વિચિત્રતામય વિશ્વ બનાવવાનું કારણ શું ?

ઈશ્વરને મન તો બધા સરખા છે, ત્યારે એકને સુખી કરવો અને એકને દુઃખી કરવો, એવો પક્ષપાત શા માટે ? વળી એકને મારવો અને એકને જીવાડવો-આમ કરવાનું

ઈશ્વરને શું પ્રયોજન ? કહેશો કે-કર્મના લીધે વિચિત્રતા છે, તો નવા બનેલા જીવોમાં કર્મ ક્યાંથી આવ્યા ? માટે જગત્ અનાદિ છે, જીવો અનાદિ છે અને કર્મો પણ પ્રવાહથી અનાદિ છે. જીવો નવાં નવાં કર્મો બાંધે છે, જૂનાં ભોગવે છે, એમ કર્માનુસાર આત્માની જુદી જુદી દશા રહે છે, તેથી ઈશ્વર આ જગત્નો કર્તા છે, એમ માનવું ભૂલભરેલું છે.

એક ઘરમાં દસ માણસ હોય છે, એના પાલણહારને કેટલી ઉપાધિ હોય છે ? ત્યારે આખા ય વિશ્વની ખબર રાખનાર, સારા જગત્ની ઉપાધિ કરનારા ઇશ્વરને કેટલી ચિંતા હોય ?

એ રીતે તો ઈશ્વર આપણા કરવાં પણ વધારે ઉપાધિવાળો ગણાય અને એવા ઉપાધિવાળાને સુખી કેમ કહી શકાય ? ઈશ્વર અગર સમર્થ છે, તો તેણે બધાને એક સરખા જ કેમ ન બનાવ્યા ?

કોઇ કહે કે-ફળ તો કર્માધીન છે. વિચિત્રતા કર્માનુસાર છે, તો પ્રશ્ન એ થાય છે કે પછી ઇશ્વરે શું કર્યું ? કર્માધીન અને કર્માનુસાર દરેક આત્માને ફળ મળે છે. તો ઇશ્વરને વચમાં નાંખવાની શી જરૂર પડી ? માટે આવી કલ્પનાઓ કરવાની જરૂર નથી. આત્મા અને કર્મોવડે જ આખી સૃષ્ટિ છે. આત્મા અને કર્મ અનાદિના છે, છતાં કર્મરહિત આત્માને માટે સૃષ્ટિનો અંત આવે છે. જે આત્મા ધર્મવડે કર્મોનો નાશ કરી નાખે છે, તે આત્મા માટે સૃષ્ટિનો અંત આવે છે અને તે પરમાત્મા બને છે.

: ૭ :

# જૈન ગૃહસ્થ

સાધુધર્મ પાળવો ઘણો દુષ્કર છે. વિરલ આત્માઓ જ તેનું આરાધન કરી શકે છે. તેથી બીજા આત્માઓ માટે શ્રાવકધર્મ યાને ગૃહસ્થધર્મ બતાવવામાં આવ્યો છે. આ ધર્મમાં સમ્યક્ત્વપૂર્વક બાર વ્રતો પાળવાનાં હોય છે.

## સમ્યક્ત્વ

સમ્યક્ત્વ એટલે સાચી દૃષ્ટિ, સાચી માન્યતા. મતલબ કે પરમાત્માનાં વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા, દેવમાં દેવબુદ્ધિ, ગુરુમાં ગુરુબુદ્ધિ અને ધર્મમાં ધર્મબુદ્ધિ હોવી, એને સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

૧. રાગદ્વેષ આદિ દોષરહિત વીતરાગ, સર્વજ્ઞ, ત્રૈલોકચ-પૂજિત યથાર્થ તત્ત્વના ઉપદેષ્ટા એવા અરિહંત દેવને જ દેવ તરીકે માનવા.

૨. અહિંસા આદિ પાંચ મહાવ્રતોને પાળનારા, ગોચરી યાને માધુકરી વૃત્તિથી આહાર લેનારા અને સર્વજ્ઞ પરમાત્માએ કથન કરેલા ધર્મનો યથાર્થ ઉપદેશ દેનારા સાધુઓને જ ગુરુ તરીકે માનવા.

૩. દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે તે ધર્મ કહેવાય. તે ધર્મ દયામૂલ છે. સર્વજ્ઞ પરમાત્માએ કથન કરેલો ધર્મ જ વાસ્તવિક છે, એમ માનવું.

## બાર વ્રતો

બાર વ્રતોમાં પ્રથમના પાંચ અણુવ્રત, ૬ થી ૮ ગુણવ્રત અને ૯ થી ૧૨ શિક્ષાવ્રત કહેવાય છે.

## પહેલું સ્થૂલપ્રાણાતિપાત-વિરમણ-વ્રત.

ગૃહસ્થો સ્થાવર જીવોની હિંસાને સર્વથા વર્જી શકતા નથી. તેમને માટે એ વસ્તુ અશકય છે. પરંતુ તેઓ અમુક અંશે હિંસા વર્જી શકે છે. તેથી પહેલું વ્રત એ પ્રકારે લેવામાં આવે છે કે, બીનગુનેગાર-હાલતાચાલતા કોઇ પ્રાણીને જાણીબૂઝીને મારવાની બુદ્ધિથી મારવો નહિ.

ગૃહસ્થે દરેક કાર્ય ઉપયોગપૂર્વક કરવું જોઇએ, જેથી સ્થાવર જીવોની હિંસા ઓછામાં ઓછી થાય. સ્થાવર એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયના જીવો.

## બીજું સ્થૂલમૃષાવાદ-વિરમણ-વ્રત.

જૂઠનો સર્વથા ત્યાગ ન થઈ શકે તો પણ એવા જૂઠનો તો અવશ્ય ત્યાગ કરવો જોઇએ કે જેનાથી બીજાને આઘાત થતો હોય. ખોટી સાક્ષી, ખોટા લેખ, ખોટી સલાહ કે વિશ્વાસઘાત યા એવા જ અનર્થકારી જૂઠનો આ વ્રતથી ત્યાગ કરવામાં આવે છે.

## ત્રીજું સ્થૂલઅદત્તાદાન-વિરમણ-વ્રત.

ગૃહસ્થ અદત્તાદાનનો-ચોરીનો સર્વથા ત્યાગ ન કરી શકે તો કોઈના ખીસા કાતરવા, ગાંઠ છોડવી, થાપણ ઓળવવી, તાળા તોડવા, ખોટા તોલમાપ વગેરે રાખવા, ઘર ફાડવા, લૂંટફાટ, દાણચોરી, ઠગાઈ-છેતરપીંડી વગેરે મોટી ચોરીનો અવશ્ય ત્યાગ કરે. ત્રીજા વ્રતથી આવો ત્યાગ કરવામાં આવે છે.

## ચોથું સ્થૂલમૈથુન-વિરમણ-વ્રત.

ગૃહસ્થથી સર્વથા બ્રહ્મચર્ય પાળી ન શકાય તો તેમણે પર-સ્ત્રીનો અવશ્ય ત્યાગ હોવો જોઈએ, તેમજ પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો ઘટે. વળી મહિનામાં અમુક દિવસ તો અવશ્ય બ્રહ્મચર્ય પાળવું જોઈએ.

## પાંચમું સ્થૂલપરિગ્રહ-પરિમાણ-વ્રત.

ઈચ્છાઓનો રોધ કરવા માટે દરેક વસ્તુનો નિયમ રાખવો. ધનધાન્ય, મકાન વગેરે વસ્તુઓ જરૂરિયાતથી વધારે ન રાખવી. તેનું પરિમાણ કરવું. ધન વધી જાય તો ધર્મનાં સ્થાનોમાં ખર્ચી લેવું.

## છઠ્ઠું દિક્પરિમાણ-વ્રત.

ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ ચારે દિશા, ઈશાન-અગ્નિ-નૈઋત્ય-વાયવ્ય એ ચારે વિદિશા અને ઊર્ધ્વ તથા અધોદિશા તરફ અમુક અંતરથી વધુ ન જવું એવો નિયમ રાખવો.

## સાતમું ભોગોપભોગ-વિરમણ-વ્રત.

ભોગવવા યોગ્ય પદાર્થોનો નિયમ રાખવો. જેમકે

આજે આટલી વસ્તુથી વધારે ન વાપરવી. તે માટે ૧૪ પ્રકારના નિયમો બતાવવામાં આવ્યા છે. જેમાં વધારે પડતી હિંસા થતી હોય તેવા વ્યાપારોનો તો ખાસ ત્યાગ હોવો જોઈએ.

## આઠમું અનર્થદંડ–વિરમણ–વ્રત.

દુર્ધ્યાન ન કરવું, ખરાબ ધ્યાનથી આત્મા દુર્ગતિમાં ચાલ્યો જાય છે. કોઈને પણ પાપનો ઉપદેશ ન આપવો, શસ્ત્રાસ્ત્ર ન બનાવવા, ખોટી કથાઓ ન કરવી, દેશકથા, સ્ત્રીકથા, ભક્તકથા ( ભોજન સંબંધી કથા ) અને રાજકથાનો ત્યાગ કરવો.

પાપનો ઉપદેશ ન આપવો. સીનેમા, સર્કસ વગેરેનો ત્યાગ કરવો. કોઈ પાપ પ્રવૃત્તિ ન કરવી. વિના પ્રયોજને પાપ ન કરવાં.

## નવમું સામાયિક–વ્રત

ચિત્તને સમાધિમાં રાખવા, અને સમતાનો સાચો આસ્વાદ ચાખવા, ૪૮ મિનિટ સુધી સમભાવમાં રહેવું એ સામાયિક વ્રત કહેવાય છે.

પરમાત્માનાં ધ્યાનમાં લીન બનવું, આત્મવિકાસ થાય તેવા પુસ્તકોનું અવલોકન કરવું, વ્યાપાર તથા આરંભ–સમારંભનો ત્યાગ કરી ૪૮ મિનિટ ધર્મધ્યાનમાં ગાળવી.

## દશમું દેસાવગાસિક–વ્રત.

વર્ષમાં ઓછામાં ઓછો એક દિવસ તો આરંભ–સમારંભનો ત્યાગ કરી તપશ્ચર્યાપૂર્વક ૧૦ સામાયિક કરવા.

## અગિયારમું પૌષધ-વ્રત.

હંમેશના માટે સાધુપણું ન સ્વીકારાય તો પણ સાધુપણાની તાલીમ માટે, વર્ષમાં ઓછામાં ઓછો એક દિવસ તો ઉપવાસ આદિ તપશ્ચર્યાપૂર્વક પૌષધ ગ્રહણ કરવો. મતલબ કે આરંભ-સમારંભનો ત્યાગ કરી ૧૨ કલાક યા ૨૪ કલાક સુધી સમભાવમાં રહી, જ્ઞાનધ્યાન-ક્રિયાકાંડમાં મગ્ન રહેવું.

## બારમું અતિથિ-સંવિભાગ-વ્રત.

વર્ષમાં ઓછામાં ઓછો એક દિવસ ૨૪ કલાકના ચોવિહારા ઉપવાસપૂર્વક પૌષધ ગ્રહણ કરવો, બીજા દિવસે એકાસણું કરવું અને એકાસણામાં ત્યાગી ગુરુમહારાજને વહોરાવી, તેઓ જે ચીજ ગ્રહણ કરે તે જ વસ્તુ વાપરવી. સાધુમહારાજનો યોગ ન હોય તો સાધર્મિક ભાઈને જમાડી એ જે વસ્તુઓ વાપરે તે જ વસ્તુ વાપરવી.

ઉપર પ્રમાણે બાર વ્રતો જેનાથી પાળી શકાય તેણે અવશ્ય બાર વ્રતોનું પાલન કરવું. જે બારે વ્રત પાળવા અસમર્થ હોય તેણે જેટલા પાળી શકાય તેટલા વ્રત અંગીકાર કરવા. એક પણ વ્રત ગ્રહણ કરે તે વ્રતધારી જૈન કહેવાય છે.

અને જેઓ એક પણ વ્રત ન લઈ શકતા હોય તેમણે હમેશા પ્રભુપૂજન, દર્શન, ગુરુવંદન, અભક્ષ્ય કંદમૂળનો ત્યાગ તથા રાત્રિભોજનનો ત્યાગ રાખવો, સારા પુસ્તકો વાંચવા, સાધર્મિકભક્તિ, દીનદુઃખીનો ઉદ્ધાર, યથાશક્તિ

દાન, સામાયિક, પ્રતિક્રમણ, તપ, જપ, નવકાર મંત્રનું સ્મરણ વગેરે શ્રદ્ધાપૂર્વક કરવું. છેવટ કંઈ જ ન બને તો પરમાત્મા જિનેશ્વરદેવે જે તત્ત્વો કથન કર્યાં છે, તેના ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી. આ પ્રમાણે જિનવચન ઉપર શ્રદ્ધા રાખનાર જૈન કહેવાય છે.

ઉપર પ્રમાણે કરણી કરનાર આત્મા ધીરે ધીરે કર્મના ભારને હળવો કરી સદ્ગતિ મેળવે છે અને અંતે શિવપુરીનાં અખંડ આનંદને અનુભવે છે.

---

## ચાર ભાવના

**मैत्री सकलसत्त्वेषु, प्रमोदो गुणशालिषु ।**
**माध्यस्थ्यमविनयेषु, करुणा सर्वदेहिषु ॥ १ ॥**

આત્મવિકાસ અને પ્રગતિવાંછુ આત્માઓ માટે મહાપુરુષોએ ચાર ઉચ્ચ ભાવનાઓ દર્શાવી છે.

૧. **મૈત્રીભાવના**–પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ રાખવો એટલે જગતના સમસ્ત પ્રાણીઓને મિત્રતુલ્ય સમજવા.

૨. **પ્રમોદભાવના**–ગુણી પુરુષોને જોઈને ખુશી થવું, તેના ગુણ ગાવા.

૩. **કરુણાભાવના**–દીન, અનાથ, તેમજ દુઃખી જીવો પ્રત્યે કરુણા રાખવી, યથાશક્ય તેનું દુઃખ દૂર કરવું, અનુકંપા રાખવી.

૪. **માધ્યસ્થ્યભાવના**–સ્વશ્લાઘા અને પરનિંદામાં રક્ત, હિંસક–ક્રૂર અને દુષ્ટ આચારવિચારવાળા મનુષ્ય પ્રત્યે–ઉદાસીન રહેવું. તેનો તિરસ્કાર ન કરતાં સમજે તો સમજાવવા પ્રયત્ન કરવો, છતાં ન સમજે તો ઉપેક્ષા રાખવી.

: ૮ :

# સ્યાદ્વાદ

જૈન સિદ્ધાંત સ્યાદ્વાદથી મુદ્રિત છે; અર્થાત્ જૈન દર્શનમાં દરેક સિદ્ધાંતનો વિચાર સ્યાદ્વાદથી કરવામાં આવે છે.

સ્યાદ્વાદ શબ્દ '**स्यात्**' અને '**वाद**' એ બે પદોથી બનેલો છે. તેમાં 'સ્યાત્' પદ 'કથંચિત્' અથવા 'કોઈ અપેક્ષાએ' એવો અર્થ દર્શાવે છે અને 'વાદ' પદ સિદ્ધાંત કે પદ્ધતિનું નિરૂપણ કરે છે, તેથી સ્યાદ્વાદને અપેક્ષાવાદ પણ કહેવામાં આવે છે.

એક વસ્તુ એક અપેક્ષાએ–એક દૃષ્ટિએ એક પ્રકારની જણાય છે અને બીજી અપેક્ષાએ–બીજી દૃષ્ટિએ બીજા પ્રકારની જણાય છે. તેથી વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ સમજવા માટે અનેક અપેક્ષાઓને–અનેક દૃષ્ટિઓને ધ્યાનમાં લેવી જોઇએ. સ્યાદ્વાદની માન્યતા આ પ્રકારની હોવાથી તેને અનેકાન્તવાદ પણ કહેવામાં આવે છે.

સ્યાદ્વાદ, અપેક્ષાવાદ કે અનેકાન્તવાદનું સ્વરૂપ સમ-

જવા માટે ‘ ઢાલની બીજી બાજુ ’ અને ‘ આંધળા તથા હાથી ’નું ઉદાહરણ બરાબર સમજી લેવું જોઇએ.

## ઢાલની બીજી બાજુ

એક ગામનાં પાદરમાં વીર પુરુષનું બાવલું ઊભું કરવામાં આવ્યું હતું. તેના એક હાથમાં તરવાર અને બીજા હાથમાં ઢાલ આપી હતી. આ ઢાલની એક બાજુ રૂપાથી રસેલી હતી અને બીજી બાજુ સોનાથી રસેલી હતી. એક વેળા બે પરદેશી મુસાફરો સામસામી દિશામાંથી ત્યાં આવી પહોંચ્યા અને પોતાનો મત દર્શાવવા લાગ્યા.

એક મુસાફરે કહ્યું કે ‘ આ બાવલું ઘણું સુંદર છે. તેમાં યે રૂપાથી રસેલી ઢાલ અતિ સુંદર છે.’

એ સાંભળી બીજા મુસાફરે કહ્યું કે ‘ આ ઢાલ રૂપાથી રસેલ નથી પણ સોનાથી રસેલી છે. તું બરાબર જો.’

એ સાંભળી પહેલો મુસાફર આશ્ચર્ય પામ્યો અને તેણે ઢાલને ખૂબ બારીકાઈથી જોઇને કહ્યું: ‘ આ ઢાલ જરૂર રૂપાથી જ રસેલી છે. તેમાં સોનાનું નામનિશાન પણ નથી.’

તરત જ બીજો મુસાફર બોલી ઉઠ્યો: ‘ છતી આંખે તું આંધળો જણાય છે, નહિ તો સોનાથી રસેલી ઢાલ તને રૂપાથી રસેલી જણાય જ કેમ ? ’

એમ કરતાં બંને વચ્ચે તકરાર થઈ અને લડવા ઉપર આવી ગયા. તેવામાં ગામનો એક ડાહ્યો માણુસ ત્યાં આવી પહોંચ્યો ને તેણે કહ્યું કે તમે બંને નકામા લડો છો. આ

ઢાલ રૂપાથી પણ રસેલી છે અને સોનાથી પણ રસેલી છે, એટલે એક બીજાને ખોટા ઠરાવવાની જરૂર નથી. તમે બંને એક બીજાની જગ્યાએ આવી જાઓ અને ઢાલની બીજી બાજુ જુઓ એટલે મારી વાત તરત સમજાશે.'

પેલા બંને મુસાફરોએ તેમ કર્યું, તો તેમની પોતાની ભૂલ સમજાઈ અને ખોટી તકરાર કરવા માટે એક બીજાની માફી માગી.

## છ આંધળા અને હાથી

એક રાજાનો રસાલો બપોર ગાળવા ગામડાની ધર્મ-શાળામાં થોભ્યો હતો. ગામલોકોને ખબર પડી, એટલે તેઓ એ રસાલો જોવા આવ્યા. તેમાં છ આંધળાઓ પણ હતા. તેમણે હાથી વિષે ઘણું સાંભળ્યું હતું પણ કોઇએ હાથીને 'જોયો' ન હતો, તેથી મહાવતને વિનંતિ કરી કે 'ભલો થઇને અમને હાથીને અડકવા દે જેથી હાથી કેવો હોય તે અમે જાણી શકીએ.'

મહાવતે તેમ કરવાની રજા આપી, એટલે આંધળાઓ હાથીને તપાસવા લાગ્યા. તેમાં પહેલાના હાથમાં કાન આવ્યો. તેણે કહ્યું : 'આ હાથી તો સુપડા જેવો લાગે છે.' બીજાના હાથમાં સૂંઢ આવી. તેણે કહ્યું : 'મને તો એ સાંબેલા જેવો લાગે છે.' ત્રીજાના હાથમાં દંતૂશળ આવ્યા. તેણે કહ્યું : 'મને તો એ ભૂંગળા જેવો લાગે છે.' ચોથાના હાથમાં પગ આવ્યો. તેણે કહ્યું : 'મને તો એ મોટા થાંભલા જેવો લાગે છે.' પાંચમાના હાથમાં પેટ આવ્યું. તેણે કહ્યું : 'મને તો એ

પખાલ જેવો લાગે છે.' છઠ્ઠાના હાથમાં પૂછડી આવી. તેણે કહ્યું: 'મને તો આ હાથી સાવરણી જેવો લાગે છે.'

દરેક આંધળો એમ જ સમજતો હતો કે પોતાની વાત સાચી છે અને બીજાની વાત જૂઠી છે, એટલે તેઓ એક બીજાને જૂઠો ઠરાવવા લાગ્યા અને એમ કરતાં ભારે વિખવાદ પેદા થયો.

હાથીનો મહાવત આ આંધળાઓની બધી વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો, તે આ પ્રસંગે નજીક આવ્યો અને કહેવા લાગ્યો કે 'ભાઈઓ! તમે તકરાર શા માટે કરો છો? તમારામાંના કોઈએ હાથીને પૂરેપૂરો જોયો નથી, પણ તેનું એક એક અંગ જોયું છે અને તેના પરથી આખા હાથી વિષે અભિપ્રાય આપવા લાગી ગયા છો, તેથી આ તકરાર ઊભી થઈ છે. હું તો આ હાથીને રોજ જોઉં છું, એટલે કહું છું કે આ હાથી સુપડા જેવો પણ છે, સાંબેલા જેવો પણ છે, ભૂંગળા જેવો પણ છે, થાંભલા જેવો પણ છે, પખાલ જેવો પણ છે અને સાવરણી જેવો પણ છે. પછી તેણે બધી વાતની સમજ પાડી. આથી છ આંધળાઓ ચૂપ થઈ ગયા ને પોતાના રસ્તે પડ્યા.

આ ઉદાહરણોથી એ વાત બરાબર સમજાય છે કે એક જ વસ્તુને જુદી જુદી અનેક અપેક્ષાએ–દૃષ્ટિએ જોઈ શકાય છે અને તે તે અપેક્ષાએ તેનું વર્ણન કરવામાં આવે છે, તે સાચું છે, પણ તે પરથી બીજી અપેક્ષા કે બીજી દૃષ્ટિને ખોટી કહી શકાય નહિ. તાત્પર્ય કે વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ સમજવા માટે તેની જુદી જુદી અપેક્ષાઓને ધ્યાનમાં લેવી જોઈએ.

આ રીતે વસ્તુને જોઇએ તો એમ જ કહેવું પડે કે જગતની દરેક વસ્તુ અનંત ધર્માત્મક છે—અનંત ધર્મોવાળી છે. એક વિશેષ ઉદાહરણથી આ વાતને સ્પષ્ટ કરીશું.

એક પુરુષ ક્ષેત્રની અપેક્ષાએ 'આર્ય' કહેવાય છે, વર્ણની અપેક્ષાએ 'વૈશ્ય' કહેવાય છે, જ્ઞાતિની અપેક્ષાએ 'ઓશવાલ' કહેવાય છે. ગામની અપેક્ષાએ 'નાગોરી' કહેવાય છે. પિતાની અપેક્ષાએ 'પુત્ર' કહેવાય છે. પુત્રની અપેક્ષાએ 'પિતા' કહેવાય છે. પત્નીની અપેક્ષાએ 'પતિ' કહેવાય છે અને ભગિનીની અપેક્ષાએ 'બંધુ' કહેવાય છે. આમ જુદી જુદી અપેક્ષાએ તેનામાં અનેક ધર્મો સંભવે છે.

આમાંની કોઈ પણ એક અપેક્ષાને ધ્યાનમાં રાખીને તેનું પ્રતિપાદન કરવું, તેને નય કહેવામાં આવે છે. નયમાં સત્યનો અંશ હોય છે. પરંતુ બીજા ધર્મોનો નિષેધ કરવામાં આવે તો તે કથન અસત્ય ઠરે છે.

૭૫ વર્ષનો એક વૃદ્ધ પુરુષ છે. તે વૃદ્ધ પુરુષને ૪૫ વર્ષનો એક પુત્ર છે અને તે પુત્રને પંદર વર્ષનો એક પુત્ર છે. હવે પેલા ૪૫ વર્ષના માણસને બાપ જ કહેવામાં આવે તો તે વચન મિથ્યા ઠરે છે, કારણ કે તે તેના ૭૫ વર્ષના વૃદ્ધ પિતાની અપેક્ષાએ પુત્ર પણ છે. હવે તે ૪૫ વર્ષના માણસને એમ કહેવામાં આવે કે તે પુત્ર જ છે તો તે પણ ખોટું છે, કારણ કે તેના ૧૫ વર્ષની ઉમરના પુત્રની દૃષ્ટિએ તે પિતા પણ છે.

સ્યાદ્વાદ બરાબર સમજવામાં આવે તો વસ્તુના સાચા

સ્વરૂપને જાણી શકાય છે. વિશ્વ કેવું છે ? તેમાં કેટલી વસ્તુઓ રહેલી છે ? તેનો સ્વભાવ કેવો છે ? વગેરે બાબતોનું યથાર્થ જ્ઞાન સ્યાદ્વાદથી મળે છે.

જગતના મોટા મોટા વિદ્વાનો સ્યાદ્વાદને પોતાનું મસ્તક નમાવે છે અને જોરશોરથી ઘોષણા કરીને કહે છે કે ‘ જૈન ધર્મે જગતને આ એક અપૂર્વ વસ્તુ આપી છે. તેનું રહસ્ય બરાબર સમજવામાં આવે તો બધા મિથ્યા વાદોનો અંત આવે અને વિશ્વબંધુત્વની ભાવના પૂર્ણ રૂપે પ્રકાશે. ’

---

# ચોવીસ તીર્થંકરોની સ્તુતિ

[ ધૂન ]

( ચાલ--રઘુપતિ રાઘવ રાજારામ )

જપીએ ચોવીશ જિનવર નામ, ભાવે ગાવો પ્રભુ ગુણગ્રામ<br>
1 2 3 4 5<br>
ઋષભ અજિત શ્રી સંભવનાથ, અભિનંદન ને સુમતિનાથ<br>
6 7 8 9<br>
પદ્મપ્રભ શ્રી સુપારસનાથ, ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ. ૧<br>
10 11 12 13<br>
શ્રી શીતલ શ્રેયાંસ નમો, વાસુપૂજ્ય વિમળ પ્રણમો<br>
14 15 16 17<br>
વંદો અનંત શ્રી ધરમનાથ, પ્રણમો શાંતિ કુંથુનાથ. ૨<br>
18 19 20<br>
અર મલ્લિ મુનિસુવ્રતસ્વામ, નિત નિત ઉઠી કરું પ્રણામ<br>
21 22 23<br>
નમિ નેમિ શ્રી પારસનાથ, કરતા નાથ અનાથ સનાથ. ૩<br>
24<br>
ચોવીશમા શ્રી વીર ભગવાન, જેણે કીધું જગ કલ્યાણ<br>
લબ્ધિ લક્ષ્મણ ગુણગણધામ, કોટિ કોટિ કીર્તિ પ્રણામ.. ૪

: ૯ :

## ષડ્દ્રવ્ય

૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ પુદ્ગલાસ્તિકાય, ૫ જીવાસ્તિકાય, અને ૬ અદ્ધા સમય એટલે કાળ-એ છ દ્રવ્યો કહેવાય છે.

૧. ધર્માસ્તિકાય–ગમન કરતાં પ્રાણીઓ અને ગતિ કરતી જડ વસ્તુઓને તેમની ગતિમાં સહાય થનાર પદાર્થને "ધર્મ" કહેવામાં આવે છે. તેને અસ્તિકાય કહેવાનું કારણ એ છે કે તે પ્રદેશોના સમૂહરૂપ છે. અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે સમૂહ. માછલામાં જવાનું સામર્થ્ય છે અને જવાની ઇચ્છા પણ છે, પરંતુ તે નિમિત્તરૂપ પાણી વિના ગતિ કરી શકતું નથી. તે જ રીતે ચેતન તથા જડ પદાર્થોને ગતિ કરવામાં જે દ્રવ્ય નિમિત્ત બને છે, સહાયક થાય છે, તે ધર્માસ્તિકાય.

૨. અધર્માસ્તિકાય–પ્રાણીઓ અને જડ વસ્તુઓને સ્થિર થવામાં સહાય થનાર પદાર્થને 'અધર્મ' કહેવામાં આવે છે. તે પણ અસ્તિકાય છે. કોઈ સ્થળે સદાવ્રતો સારાં મળતાં હોય તો ભિક્ષુક લોકો ત્યાં નિવાસ કરવાનું મન કરે છે. આવા સદાવ્રતો કંઇ ભિક્ષુક લોકોનો હાથ પકડીને લઇ જતાં નથી, પણ તે નિમિત્તને પામીને ભિક્ષુક લોકો સ્થિરતા કરે

છે. મુસાફર થાકેલો હોય તે સમયે વૃક્ષની છાયા નીચે વિશ્રામ કરે છે, તેમાં વૃક્ષની શીતળ છાયા નિમિત્તભૂત છે, તેમ અધર્માસ્તિકાય ચેતન તથા જડ પદાર્થને સ્થિર કરવામાં નિમિત્તભૂત બને છે, સહાયક થાય છે.

૩. આકાશાસ્તિકાય–આકાશ તેનો ગુણ અવકાશ–એટલે કે જગ્યા આપવાનો છે. જો કે આકાશ આંખવડે જોઈ શકાતું નથી, તો પણ અવગાહ ગુણને લઇને તેની સાબિતી થઇ શકે છે.

લોક સંબંધી આકાશને "લોકાકાશ" અને અલોક-સંબંધી આકાશને "અલોકાકાશ" કહેવામાં આવે છે. લોક તથા અલોકનો વિભાગ પાડનાર ધર્મ અને અધર્મ દ્રવ્યો જ છે. ઊંચે નીચે અને આસપાસ સર્વત્ર ઉપર્યુક્ત બન્ને પદાર્થો વિદ્યમાન હોય, ત્યાં સુધીનાં 'ક્ષેત્રને' 'લોક' એવી સંજ્ઞા આપવામાં આવી છે. તે લોકની બહારનો પ્રદેશ અલોક કહેવાય છે. ધર્મ તથા અધર્મના સહયોગથી જ લોકમાં જીવો અને પુદ્ગલોની ક્રિયા થઇ રહી છે. અલોકમાં આ બન્ને પદાર્થો નહીં હોવાથી, ત્યાં એક પણ અણુ કે જીવ નથી, તેમ જ લોકમાંથી કોઈ પણ અણુ કે જીવ ત્યાં જઈ શકતા નથી. આકાશદ્રવ્ય વિસ્તારમાં અનંત છે, એટલે કે તેનો છેડો જ નથી.

૪. પુદ્ગલાસ્તિકાય–પૂરવું અને ખરી જવું, જુદું પડી જવું, એવા સ્વભાવવાળા પદાર્થને "પુદ્ગલ" કહેવામાં આવે છે. પુદ્ગલોનો કેટલોક ભાગ પ્રત્યક્ષ રૂપ છે અને કેટલાકની હયાતિ અનુમાનવડે જાણી શકાય છે. ઘડો,

સાદડી, પાટલો, મહેલ, ગાડી, વગેરે સ્થૂલ પુદ્ગલમય છે અને પ્રત્યક્ષ જણાય છે. જે જે પુદ્ગલો અતિ-સૂક્ષ્મ છે, તેની સાબિતી અનુમાનવડે થઈ શકે છે, જેમકે ઝીણી ઝીણી રજ કે કણીઓ સિવાય મોટી વસ્તુઓ બની શકે જ નહિ. શબ્દ, પ્રકાશ, છાયા, તાપ અને અંધકાર વગેરે પુદ્ગલના જ પ્રકારો છે.

૫. જીવાસ્તિકાય-ચૈતન્યસ્વરૂપ આત્માને "જીવ" કહેવામાં આવે છે. "હું સુખી છું, હું દુઃખી છું" એવી લાગણી કંઈ મડદાને થતી નથી, કારણ કે તેમાંથી ચૈતન્યસ્વરૂપ આત્મા ચાલ્યો ગયેલો હોય છે. દાતરડાથી કપાય છે, પણ દાતરડું અને કાપનાર જુદા છે. દીવાથી જોવાય છે, પણ જોનાર અને દીવો બન્ને ભિન્ન ભિન્ન છે. તેવી રીતે ઇંદ્રિયોથી રૂપ, રસ વગેરે ગ્રહણ કરાય છે, પણ ઈંદ્રિયો અને ગ્રહણ કરનાર બન્ને અલગ અલગ છે. આત્મા ધોળો, કાળો કે પીળો વગેરે કોઇ વર્ણનો નથી, તેથી તેને જોઈ શકાતો નથી, છતાં અનુમાન પ્રમાણથી તેની સિદ્ધિ થઈ શકે છે.

૬. કાળ-અઢી દ્વીપમાં પરમ સૂક્ષ્મ ભાવ છે, તેના વિભાગ થઇ શકતા નથી અને તે એક સમયરૂપ હોવાથી તેને "અસ્તિકાય" એવી સંજ્ઞા ઘટી શકતી નથી. એક સરખી જાતિવાળા વૃક્ષ વગેરેમાં એક જ વખતે ઋતુ તેમજ સમયને લીધે વિચિત્ર ફેરફાર થતો જણાય છે, એ જ વસ્તુ કાળની નિયામકતા સૂચવે છે. "આ બાળકની ઉંમર મોટી છે. આ વિદ્યાર્થીની ઉંમર નાની છે." આવી હકીકત પણ કાળની

હયાતિ વિના કેમ સંભવી શકે? એટલે કાળની હયાતિ માનવી સુગમ અને શંકા વિનાની છે.

જૈનદર્શનસમ્મત આ છ દ્રવ્યો પર જ સારી ય વિશ્વ-રચનાનો આધાર છે. હવે તો વૈજ્ઞાનિકો પણ માનવા લાગ્યા છે કે હાલવું–ચાલવું કે સ્થિતિ કરવી, તેમાં સ્વતંત્ર કર્તા તો જીવ અને જડ પદાર્થો જ છે. તેઓ પોતાના જ વ્યા-પારથી હાલે–ચાલે છે અને સ્થિર થાય છે, છતાં પણ તેમાં સહાયભૂત તરીકે કોઇ પણ શક્તિની અપેક્ષા રહે જ છે. એટલે કે વૈજ્ઞાનિકોનું આ મંતવ્ય "ધર્માસ્તિકાય" અને "અધર્માસ્તિકાય" હોવાનું સમર્થન કરે છે. ષડ્દ્રવ્યનો વિસ્તાર કરતાં એક સ્વતંત્ર પુસ્તક આલેખી શકાય, પરંતુ અહીં સ્થળસંકોચને લીધે સંક્ષિપ્તમાં જ વર્ણન કર્યું છે.

---

**अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ**
**अप्पाणमेव अप्पाणं जइत्ता सुहमेहए......**

પોતાના આત્માની સાથે જ તમે યુદ્ધ કરો, બાહ્ય એટલે બીજાની સાથે લડવાથી શું? પોતાના ઉપર વિજય કરવાથી યાને આત્માને જીતવાથી પરમસુખ પ્રાપ્ત થાય છે.

"ઉત્તરાધ્યયન સૂત્ર" ૯, ૩૫

: ૧૦ :

## તપશ્ચર્યા

જૈનોની તપશ્ચર્યા જગપ્રસિદ્ધ છે. જૈનોના ઉપવાસ ઘણા કઠીન હોય છે. એમાં રાતે કે દિવસે ફળાહાર, માલમિષ્ટાન યા છાસ કે મોસંબીનો રસ વગેરે કોઈ પણ ચીજ લેવામાં આવતી નથી. તપશ્ચર્યા ઇન્દ્રિયોનાં દમન માટે છે. આત્મ-શુદ્ધિ માટે આવી ઉગ્ર તપશ્ચર્યા જૈનો રાજીખુશીથી મહીનાના મહીના સુધી કરે છે. આવી વિધિપૂર્વક તપશ્ચર્યા કરવાથી શરીરશુદ્ધિ થાય છે, અશુભ કર્મોનો ( પાપોનો ) નાશ થાય છે, અંતરાય કર્મ તૂટે છે અને દરેક પ્રકારની ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થાય છે. આવી તપશ્ચર્યા કરવાથી હજારો જીવોનું રક્ષણ થાય છે, એટલે તપમાં દયા સમાએલી છે, તપથી ધર્મ વધે છે, પાપ ઘટે છે, સુખ વધે છે ને દુઃખ ઘટે છે; સમૃદ્ધિ વધે છે ને દરિદ્રતા નાશ પામે છે. આત્મા પ્રભાવ-શાળી બને છે, માટે આવી તપશ્ચર્યા દરેકે પોતાની શક્તિ મુજબ કરવી જોઇએ.

લૌકિક પર્વોમાં ઈતર લોકો ભાન ભૂલી એશઆરામમાં મશગૂલ બને છે, યથેચ્છ વિહરે છે, ત્યારે જૈન પર્વોની એ મહત્તા છે કે એ ઇન્દ્રિયદમન, તપ, ત્યાગ અને સંયમી જીવન રાખવાનું શીખવે છે. જૈનોનું એકેએક પર્વ અપૂર્વ જ્ઞાન અર્પી જાય છે.

: ૧૧ :

## જ્ઞાન અને ક્રિયા

જૈન સિદ્ધાંતનું ફરમાન છે કે—એકલા જ્ઞાનથી મુક્તિ નથી, તેમજ એકલી ક્રિયાથી પણ મુક્તિ નથી. એકલું જ્ઞાન પાંગળું છે અને એકલી ક્રિયા આંધળી છે.

રથ બે પૈડાવડે જ ચાલી શકે છે, માણસ બે ભુજાવડે દુર્લંઘ્ય સમુદ્રને તરી શકે છે, તેમ આત્મા પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા દ્વારા જ મુક્તિ મેળવી શકે છે. એક માણસ મુંબઈનો રસ્તો જાણે છે, પણ તે રસ્તો જાણવા માત્રથી જ મુંબઈ પહોંચી શકતો નથી; ત્યાં પહોંચવા માટે ચાલવાની ક્રિયા કરવી જ પડે છે અને તો જ તે ઈષ્ટ સ્થળે પહોંચી શકે છે. રસોઈનાં નામ માત્રથી પેટ ભરાઈ નથી જતું; પણ રસોઈની ક્રિયા કરવી પડે છે. ચૂલો સળગાવવો, સામગ્રી એકઠી કરવી અને રસોઈ બન્યા પછી પણ ખાવાની ક્રિયા કરવામાં આવે તો જ પેટ ભરાય છે. તેવી જ રીતે સમ્યગ્જ્ઞાનપૂર્વક વિધિપૂર્વક તન્મય બનીને ક્રિયા કરવામાં આવે તો જ મુક્તિ–પુરીમાં પહોંચી શકાય છે.

અજ્ઞાન અને ખોટી ક્રિયાદ્વારા આત્માએ કર્મોને બાંધ્યાં છે. તેને તોડવા માટે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા બંનેની જરૂર છે. " **ज्ञानक्रियाभ्याम् मोक्षः ।** "

: ૧૨ :

## રાત્રિભોજન

જૈન શાસ્ત્રોમાં રાત્રિભોજનનો ખાસ નિષેધ કરવામાં આવ્યો છે. રાત્રિભોજન કરવાથી સૂક્ષ્મ તથા બાદર એટલે નાના-મોટા અનેક જીવોની હિંસા થાય છે. સૂર્યાસ્ત થતાં અને સંધ્યાની શરૂઆત થતાં અંધકાર ફેલાય છે, તે સમયે અગણ્ય સૂક્ષ્મ જીવો ઊડવા માંડે છે જે ગમે તેવી સર્ચલાઈટમાં પણ આપણે જોઇ શકતા નથી, ત્યારે અમુક જીવોને આપણે નજરે જોઈ શકીએ છીએ. આ બધા જીવો રાત્રિભોજન કરવાથી નાશ પામે છે. ઉઘાડા દીવામાં પણ સવારના વખતે તમે જોશો તો તેની પૂરી ખાત્રી થશે. કેટલીક વખત રાત્રે ખાવામાં કેટલાક ઝેરી જીવો આવી જવાથી અનેકોનાં મરણ નીપજાવે છે. જૂ ખાવામાં આવી જાય તો જલોદર થાય છે, કીડી ખાવામાં આવે તો મગજ ( મેડ ) ખરાબ કરી નાંખે છે. કરોલીયો કોઢ રોગ ઉત્પન્ન કરે છે. કાંટા જેવી તીક્ષ્ણ શૂળો આવી જાય તો ભારે તકલીફ થાય છે અને વખતે પ્રાણ પણ ચાલ્યા જાય છે. આવી સ્થિતિમાં રાત્રિભોજનનો ત્યાગ એ શારીરિક દૃષ્ટિએ પણ કેટલો ઉપયોગી છે, તે સમજી શકાય તેવું છે. જેમ એક મજૂર મજૂરી કરી આરામ કરે છે, તેમ પેટને પણ આરામની જરૂર છે.

રાત્રિભોજન કરનાર આત્માઓ અહીંથી મરીને પરલોકમાં ઘુવડ, બીલ્લી, ગીધ, કાગડા, સુકર, વીંછી, ગરોળી ઈત્યાદિ જનાવરની યોનિમાં અવતાર લે છે. રાત્રિભોજન એ નરકનો પ્રથમ દરવાજો છે.

**चत्वारि नरकद्वाराणि, प्रथमं रात्रिभोजनं ।**
**परस्त्रीगमनं चैव, संधानानन्तकायिके ॥**

રાત્રિભોજન, પરસ્ત્રીગમન, તડકે સુકવ્યા વગરનું લીલું અથાણું જેને બોળ અથાણું કહેવામાં આવે છે તે અને જમીનકંદ-કંદમૂળ જેને અનંતકાય કહેવામાં આવે છે તે-આ ચાર વસ્તુનાં સેવનથી આત્મા નરક ગતિમાં પહોંચી જાય છે. મહાભારતમાં પણ કહ્યું છે કે—

**मद्यमांसाशनं रात्रौ, भोजनं कंदभक्षणं ।**
**ये कुर्वन्ति वृथा तेषां, तीर्थयात्रा जपस्तपः ॥**

જે માણસો દારુ, માંસ, રાત્રિભોજન અને કંદમૂળનું ભક્ષણ કરે છે, તેમની કરેલી તીર્થયાત્રા તેમ જ તપ-જપ વગેરે બધું ય નિષ્ફળ જાય છે.

માર્કણ્ડ પુરાણમાં માર્કણ્ડેય ઋષિ જણાવે છે કે—

**अस्तंगते दिवानाथे, आपो रुधिरमुच्यते ।**
**अन्नं मांससमं प्रोक्तं, मार्कण्डेयमहर्षिणा ॥**

સૂર્યાસ્ત થયા પછી પાણી પીવું તે લોહી બરાબર છે અને ભોજન કરવું એ માંસ ભક્ષણ કરવા બરાબર છે.

**मृते स्वजनमात्रेऽपि, सूतकं जायते किल ।**
**अस्तंगते दिवानाथे, भोजनं किमु क्रियते ? ॥**

ઘરનો માણસ જ્યારે મરણ પામે છે, ત્યારે સૂતક લાગે છે, તો દિવસનો નાથ-સૂર્ય જ્યારે અસ્ત પામે ત્યારે ભોજન કેમ થઈ શકે ? કહ્યું છે કે—

**ये रात्रौ सर्वथाऽऽहारं, वर्जयन्ति सुमेधसः ।**
**तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ॥**

જે માણસો રાત્રિભોજનનો ત્યાગ કરે છે, તેમને મહીનામાં પંદર ઉપવાસનું ફળ મળે છે.

માટે હિંસાના મહાન દોષથી બચવા ખાતર સુજ્ઞજનોએ રાત્રિભોજનનો અવશ્ય ત્યાગ કરવો ઘટે.

---

એક જાન બીજે ગામ જઈ રહી હતી. વરરાજા પણ ખૂબ બનીઠનીને મ્હાલી રહ્યા હતા. સાથે ૪૫ વ્યક્તિઓ હતી, સાસરે પહોંચ્યા પછી આ બધા માટે ભોજનસામગ્રી તૈયાર થઇ રહી હતી. ભોજન તૈયાર થયે રાતના નવેક વાગે સૌના થાળ ગોઠવાય છે. વિવિધ વાનગી અને પકવાન્ન પીરસાય છે. હર્ષઘેલા બની સૌ ભોજન આરોગી રહ્યા છે. થોડી વારમાં તો સૌ જમીન ઉપર ઢળી પડ્યા. ન હાલે કે ચાલે. બધાયના પ્રાણ ચાલ્યા ગયા હતા. આમ કેમ બન્યું એની તપાસ કરતા જણાયું કે-અંધારામાં સર્પનું ગરલ ભોજનના વાસણમાં પડવાથી ખબર રહી નહીં. જેથી અન્ન વિષમિશ્રિત બની ગયું હતું. લગ્ન સમારંભ, શોકસભામાં ફેરવાઇ જાય છે.

માટે જ રાત્રિભોજન ત્યાજ્ય છે. પોતાનાં અને પરનાં પ્રાણ આ રીતે ચાલ્યા જાય છે અને અનેક સૂક્ષ્મ જીવોની હિંસાના ભાગી થવાય છે.

## ૧૩ :
# આધુનિક વિજ્ઞાન

આજે વિજ્ઞાન ડગલે ને પગલે આગળ વધી રહ્યું છે. માણસ તેમાં અંજાઇ જાય છે, પણ જરા ઠંડે કોઠે વિચાર કરશો તો જણાશે કે વિજ્ઞાન વધ્યું તેથી શું વધ્યું ? વિનાશ કે બીજું કાંઈ ?

આપણા ઋષિ મહર્ષિઓ પણ આ બધી વસ્તુઓને સારી રીતે જાણતા હતા, છતાં તેના આવિષ્કારમાં ન પડતાં આત્મ-વિકાસનો જ સુંદર માર્ગ દર્શાવી ગયા, તેનું શું કારણ ? તેઓ એ ચોક્કસ જાણતા હતા કે-જડના આવિષ્કારમાં ભયંકર વિનાશ છે, આત્માની બરબાદી છે, નિર્દોષ પ્રાણીઓનો સંહાર છે, પૈસાનું પાણી છે અને અમૂલ્ય સમય વ્યર્થ જાય છે.

એ તો પ્રત્યક્ષ જ છે કે એક એટમ બોમ્બના અખતરામાં હજારો નિર્દોષ જીવોનો સંહાર થાય છે અને તેને બનાવવામાં લાખો, ક્રોડો રૂપિયાનો ખર્ચ થાય છે. એક દેશે અણુબોમ્બ બનાવ્યો, એટલે બીજાએ બનાવવો જ જોઇએ, એમાં ખર્ચ થએલી રકમમાંથી કોડી પણ પાછી મળતી નથી કેવળ સંહાર ને વૈરવૃત્તિનું પોષણ થાય છે. આવા

આવિષ્કારોથી જગતને લાભ થતો નથી. આવો ખર્ચ બચાવીને દીન દુઃખી જનોના ઉદ્ધાર માટે એ રકમનો ઉપયોગ કરવામાં આવે તો ક્રોડો માણસોનું ભલું થાય.

યંત્ર-વાદે આજે હજારો માણસોને બેકાર બનાવી દીધા છે. માણસ આજે દીન, હીન અને નિર્વીર્ય બની ગયો છે. જેમ જેમ સાધનો વધતાં ગયાં તેમ તેમ દુઃખ અને અશાંતિ વધતી જ ગઇ છે. પ્રાચીન કાળમાં દેશ કેટલો સુખી અને સમૃદ્ધ હતો ? કેવી શાંતિ હતી ? આજે તો ભયના ભણકારા વાગી રહ્યા છે. વિશ્વમાં અશાંતિ પ્રસરેલી છે, પણ હમણાં એ નહિ સમજાય.

હજારો વર્ષ પહેલા એવી યંત્રસામગ્રી ન હતી, એવા આવિષ્કાર ને એવાં સાધનો ન હતાં, છતાં વિજ્ઞાન દ્વારા જે જે હકીકતો સિદ્ધ થાય છે, એ તમામ વસ્તુઓને મહાપુરુષોએ પોતાનાં જ્ઞાનવડે જોઇ અને જાણી હતી, એ નિઃશંક છે.

પહેલાં શાસ્ત્રોમાં વિમાનોની વાતો આવતી સાંભળતા ત્યારે ઘણા જલ્દી બોલી ઊઠતા કે-એ બધું હમ્બગ છે-ગપ છે, પણ જ્યારે સાક્ષાત્ વિમાનો ઊડવા લાગ્યા, ત્યારે ખબર પડી કે-શાસ્ત્રોમાં એ મહાપુરુષો જે લખી ગયા છે, તે પૂર્ણ સત્ય છે.

જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવ છે, એમ પ્રયોગ દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. વનસ્પતિમાં પણ જીવ છે અને તે સુખ દુઃખનો અનુભવ કરે છે, સંકોચ વિકાસ પામે છે, ત્યારે બહારની દુનિયાને ખબર પડી, પણ આપણા

પ્રાચીન હસ્તલિખિત જૈન શાસ્ત્રોમાં તો પહેલેથી જ આ બધું જણાવવામાં આવ્યું છે.

જગદીશચંદ્ર બૉઝે વર્ષો પહેલાં જર્મનીમાં ભાષણ આપતાં જણાવ્યું હતું કે-મેં વનસ્પતિમાં જીવની સિદ્ધિ કરીને સહુ સમક્ષ આ વાતને રજૂ કરી છે, તે કાંઈ નવી નથી. આપણા પ્રાચીન મહાપુરુષો—ખાસ કરીને જૈનાચાર્યો જે કહી ગયા છે, તે જ હું કહું છું અને એના પૂરાવા તરીકે તેમણે શ્રીઆચારાંગસૂત્ર અને શ્રીજીવાભિગમસૂત્ર સાક્ષીરૂપે આપ્યાં હતાં.

પાણીમાં જીવ, વનસ્પતિમાં જીવ, શબ્દશક્તિ, રેડીયો, એટમબૉમ્બ વગેરે અનેક બાબતો જે શાસ્ત્રમાં હતી અને છે, તે આજે તેમણે વિજ્ઞાનદ્વારા બહાર મૂકી છે.

આજનું વિજ્ઞાન અધૂરું છે, અપૂર્ણ છે; માટે જ નવી નવી શોધખોળો ચાલુ છે. વિજ્ઞાનીઓને વારંવાર પોતાના સિદ્ધાંતોનું પરિવર્તન કરવું પડે છે. આવા અપૂર્ણ અને અધૂરા માણસો ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવો, એ આપણી કેટલી મોટી ભૂલ છે?

કેપ્ટન સ્કોર્સબીએ સૂક્ષ્મયંત્ર દ્વારા પાણીનાં એક બિંદુમાં ૩૬૪૫૦ હાલતા જીવો હોવાનું જણાવ્યું છે, ત્યારે આપણા જ્ઞાનીઓ કહે છે કે-એક બિંદુમાં હાલતાચાલતા જીવોની સંખ્યા ઉપરાંત સ્થાવર જીવો તો અસંખ્યાત છે, પણ તે અલ્પજ્ઞાનીથી શી રીતે જાણી શકાય?

આધુનિક ડૉકટરો પણ એક ચણા જેટલી જગ્યામાં

ક્ષયના અસંખ્યાત જંતુઓ હોવાનું જણાવી રહ્યા છે, ત્યારે જ્ઞાનીઓ ફરમાવે છે કે–એક સોયની અણી જેટલી જગ્યામાં અનંતા જીવો નિવાસ કરી રહ્યા છે. કેવું અદ્ભૂત એમનું જ્ઞાન ! કોઈ યંત્ર કે સાધનની તેમને જરૂર નહોતી. માત્ર કેવળજ્ઞાન દ્વારા તેઓ બધું જણાવતા હતા.

પહેલાં વૈજ્ઞાનિકો એક સોયની અણી જેટલી જગ્યામાં સેંકડો પરમાણુઓ રહી શકે છે, એમ જણાવતા હતા. ત્યારે અત્યારે એ જ વૈજ્ઞાનિકો સૂક્ષ્મદર્શક યંત્રો દ્વારા જોઈને સોયની અણી જેટલી જગામાં લાખો અણુઓ પણ રહી શકે છે, એમ જણાવી રહ્યા છે; પરંતુ આપણા પૂર્વર્ષિઓ–જ્ઞાનીઓ તો કહે છે કે—એક સોયની અણી જેટલી નાની જગામાં અનંતાનંત પરમાણુઓ, જીવો વગેરે રહી શકે છે.

જૈન શાસ્ત્રો ફરમાવે છે કે–તમામ પોલાણ સૂક્ષ્મ જીવોથી ભરેલું છે, એ જ વાતને આજના વૈજ્ઞાનિકો પણ સ્વીકારે છે. વૈજ્ઞાનિકોએ એ પણ શોધ કરી છે કે સૌથી નાનું પ્રાણી થેકસસ નામનું છે. આ જન્તુઓ એક સોયના અગ્રભાગ ઉપર એક લાખ બેસવા છતાં ય ગીરદી નહિ થતાં ખુશીથી બેસી શકે છે.

વૈજ્ઞાનિકો તો જેમ જેમ સાધન મળતાં ગયાં, તેમ તેમ આગળ વધતા ગયા અને પહેલાનું ખોટું ઠરાવતા ગયા. વાત પણ બરાબર છે કે અપૂર્ણ માનવી પૂર્ણ વાત કઈ રીતે કહી શકે ? ત્યારે અપૂર્ણને પૂર્ણ માનવામાં આપણી કેટલી ભૂલ થાય છે, તે વાંચકો સહેજે સમજી શકશે.

પૂર્ણને પૂર્ણ માનવામાં, તેમની ઉપાસના કરવામાં માનવી કેમ ચૂકતો હશે? તે સમજાતું નથી. કારણ એક જ છે કે—હજી ભવભ્રમણ બાકી છે; માટે જ ખોટાને સાચું અને સાચાને ખોટું માને છે.

આજે જેટલી દુનિયાની શોધખોળ થઈ છે, તે આધારે જ નકશાઓ ચિતરાય છે પણ હવે એ નકશાઓ ખોટા ઠરે છે. કારણ કે–તાજેતરમાં જ બહાર આવ્યું છે કે જેટલી દુનિયાની શોધ થઈ છે. તેટલી જ બીજી દુનિયા છે. ત્યારે જૈન શાસ્ત્રો તો પોકારી—પોકારીને કહે છે કે—દુનિયા ઘણી મોટી છે, અસંખ્યાત જોજનપ્રમાણ છે. આજનું વિજ્ઞાન સીમિત છે, માટે જ તેની વાતો કૂવાના દેડકા જેવી છે. કૂવાનું દેડકું એમ કહે કે:—દુનિયા કૂવા જેટલી છે, તો એ વાત મનાતી નથી, તેમ અધૂરી શોધખોળ કરનારની પણ આવી વાતો માની શકાય નહીં.

જેટલી પૃથ્વી શોધાઈ છે, તે તો સાગરના એક બિંદુ તુલ્ય છે. હજી તો ભરત-ખંડના પૂરા છ ખંડ પણ શોધાયા નથી. એનાથી કઈગુણા મોટા અસંખ્ય દ્વીપો, હજારો દેશો અને મોટા મોટા ખંડો આ ધરતી પર અસ્તિત્વ ધરાવે છે; પણ આવું વિશાળ જ્ઞાન અપૂર્ણ માનવીઓને ક્યાંથી હોય?

ત્યારે આપણા મહાપુરુષો પૂર્ણ જ્ઞાની હતા, પૂર્ણ હતા, જેથી એમને કલ્પના કે શોધખોળની જરૂર નહોતી. એ મહાજ્ઞાનીઓ એમનાં પૂર્ણ જ્ઞાનદ્વારા ચરાચર વિશ્વની સઘળી હકીકત કહી ગયા છે.

માટે જ આપણને અપૂર્ણ-અધૂરા વિજ્ઞાનવાદીઓ કરતાં વધારે શ્રદ્ધા અને વિશ્વાસ આપણા પરમાત્મા, આપણા કેવળજ્ઞાની શ્રી જિનેશ્વરદેવ ઉપર છે.

પૃથ્વી ગોળ છે, એમ શોધખોળ કરનાર માનવી કઈ રીતે કહી શકે? જેને પૂર્ણ જ્ઞાન નથી, તે પૂર્ણતાની વાતો કરે તો પાગલમાં ખપે છે.

ત્યારે અધૂરા અને અપૂર્ણ માણસ ઉપર કઈ રીતે વિશ્વાસ રાખી શકાય? ન જાણે ક્યારે એના સિદ્ધાંતનું પરિવર્તન થશે?

આથી સૂર્યચંદ્ર સ્થિર છે અને પૃથ્વી ફરે છે, એ વાત પણ વજુદ વગરની ઠરે છે. તેમને પૂછો કે ધ્રુવનો તારો ઉત્તર દિશામાં ત્યાંનો ત્યાં સ્થિર કેમ રહે છે? પૃથ્વી ફરતી હોય તો ધ્રુવનો તારો પણ આપણને ફરતો દેખાવો જોઇએ, પણ ધ્રુવ તો ઉત્તરમાં જ સ્થિર દેખાય છે; માટે આ બધી વાતો કપોલકલ્પિત છે.

કદાચ કોઈ એમ કહે કે-ધ્રુવનો તારો માથા ઉપર છે, માટે પૃથ્વી ગમે તેમ ફરે તો પણ ત્યાંનો ત્યાં દેખાય છે, તે વાત પણ બરાબર નથી; કેમ કે ધ્રુવની આજુબાજુ નાના સપ્તર્ષિના સાત તારાઓ આપણને બરાબર ફરતા દેખાય છે, તે પણ ધ્રુવની સાથે જ છે. તે સાત તારાઓની સાંકળ ફરે છે માટે ફરતી દેખાય છે અને ધ્રુવ ફરતો નથી, માટે ધ્રુવ સ્થિર દેખાય છે. પૃથ્વી ફરતી હોત તો ધ્રુવ અને

બધા ફરતા જ દેખાય પણ તેમ નથી, માટે આપણે યુક્તિથી પણ સમજી શકીએ કે પૃથ્વી ફરતી નથી અને સિદ્ધાંત પણ અનાદિકાળનો તેમજ છે કે પૃથ્વી સ્થિર છે. સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારાઓ ફરે છે અને તે જ પ્રમાણે આપણે અનુભવથી પણ જાણી શકીએ છીએ.

પૃથ્વી ફરતી માનનારાઓમાં પણ હવે મતભેદો પડ્યા છે. કેટલાકો પૃથ્વીને સ્થિર માનતા થયા છે, એટલે મનસ્વી કલ્પના કરનારાઓના ઉપર પૂર્ણ વિશ્વાસ રાખી શકાય નહીં. પૂરેપૂરો વિશ્વાસ સિદ્ધાંત ઉપર જ રાખી શકાય.

સિદ્ધાંત ત્રણે કાળમાં સમાન હોય છે. એનું કોઈ કાળે પરિવર્તન થઈ શકે નહિ. સિદ્ધાંત, સર્વજ્ઞ પરમાત્માનો કથન કરેલો છે અને તે હંમેશને માટે અવિચળ છે.

---

### ઉત્કૃષ્ટ મંગલ

**धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।**
**देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो॥**

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, અહિંસા, સંયમ અને તપ એ તેનું સ્વરૂપ છે; જેનાં મનમાં સદા ધર્મ છે તેને દેવો પણ નમસ્કાર કરે છે અર્થાત્ તે પૂજ્ય પરમાત્મા બને છે.

: ૧૪ :

# જૈન ધર્મ અનાદિ છે

જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની શાખા નથી, એમ હવે તો જગજાહેર થઈ ગયું છે. બૌદ્ધ ધર્મ તો શ્રી પાર્શ્વનાથ ભગવંત કે જેઓ જૈનોના તેવીસમા તીર્થંકર દેવ ગણાય છે, તેમના શિષ્યથી નીકળેલ છે.

બૌદ્ધ ગ્રંથ 'ધમ્મપદ'માં શ્રી ઋષભદેવ ભગવાનથી લઈને શ્રી મહાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી છે, આથી પણ સમજી શકાય છે કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મ પહેલાં ઘણા કાળથી ચાલુ હતો.

કેટલાકો કહે છે કે ભગવાન મહાવીરે જૈન ધર્મ શરૂ કર્યો છે, એ વાત પણ ખોટી છે. ભગવાન મહાવીરે શરૂ કર્યો નથી. તેમના પહેલાં ૨૩ તીર્થંકરો થઈ ગયા છે. તે સમયમાં પણ જૈન ધર્મ હતો અને ચોવીશ તીર્થંકરો પહેલાં પણ જૈન ધર્મ ચાલુ હતો.

જે જે તીર્થંકરો–થાય છે, તે તે તીર્થંકરો તદ્દન નવું કંઈ જ કરતા નથી, પરંતુ મૂળ સિદ્ધાંતોને સંપૂર્ણ જ્ઞાનદ્વારા

પ્રકાશમાં લાવે છે, તેની પ્રરૂપણા કરે છે, અને તેનો પ્રચાર કરે છે, એટલે ધર્મ તેમનાથી શરૂ થયો એમ કહેવું ખોટું છે.

પુરાણ, સ્મૃતિ, ત્રિકુરલ આદિ અનેક ઇતર ધર્મશાસ્ત્રોમાં પણ શ્રી ઋષભદેવ ભગવાન આદિ તીર્થંકરોના નિર્દેશો આવે છે, તેથી પણ સમજી શકાય છે કે-જૈન ધર્મ અતિ પ્રાચીન છે.

જૈન ધર્મ એ હિન્દુ ધર્મની શાખા નથી, એ ઇતિહાસ-વિશારદોએ સ્પષ્ટ જાહેર કર્યું છે. આ જ પુસ્તિકાના પ્રાંત ભાગે આપવામાં આવેલા વિવિધ વિદ્વાનોના અભિપ્રાયોથી પણ એ હકીકત સિદ્ધ થાય છે.

---

ગુજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ 'સ્યાદ્વાદ'ના સિદ્ધાન્ત વિષે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં જણાવે છે કે—સ્યાદ્વાદ, સિદ્ધાંતોનું અવલોકન કરીને તેઓનો સમન્વય કરવા માટે સ્થાપિત કર્યો છે. સ્યાદ્વાદ એ એકીકરણનું દૃષ્ટિબિન્દુ આપણી સમક્ષ રજૂ કરે છે. શંકરાચાર્યે સ્યાદ્વાદ પર જે આક્ષેપ કર્યો છે તેનો મૂળ રહસ્ય સાથે સંબંધ નથી. એ ચોક્કસ છે કે—વિવિધ દૃષ્ટિબિન્દુઓ દ્વારા નિરીક્ષણ કર્યા-વિના કોઈ પણ વસ્તુ પૂર્ણરૂપથી સમજવામાં નથી આવી શકતી. તેથી સ્યાદ્વાદનો સિદ્ધાન્ત ઉપયોગી અર્થાત્ સાર્થક છે. ભ. મહાવીરના સિદ્ધાન્તમાં બતાવેલા સ્યાદ્વાદને કેટલાક લોકો સંશયવાદ કહે છે પરંતુ હું તે નથી માનતો. સ્યાદ્વાદ સંશયવાદ નથી, તે તો વસ્તુદર્શનની વ્યાપક કળા આપણને શીખવે છે.

(આ ઉલ્લેખ "જૈનેતર દૃષ્ટિએ જૈન" નામના ગુજરાતી પુસ્તકમાં પ્રગટ થયો છે.)

: ૧૫ :

## વિદ્વાનોના અભિપ્રાયો

જૈનોના મહાન્ સંસ્કૃત સાહિત્યને અલગ પાડવામાં આવે તો સંસ્કૃત કવિતાની શી દશા થાય? આ વિષયમાં મને જેમ જેમ જાણવાનું મળે છે, તેમ તેમ મારા આનંદયુક્ત આશ્ચર્યમાં વધારો થાય છે.

**—જર્મન ડૉ. હુર્ટલ.**

જૈન દર્શન સ્વતંત્ર દર્શન છે. હું મારો નિશ્ચય જણાવું છું કે-જૈન ધર્મ એ મૂળ ધર્મ છે. સર્વ દર્શનોથી તદ્દન જુદો છે અને સ્વતંત્ર છે. પ્રાચીન ભારતવર્ષનાં તત્ત્વજ્ઞાન અને ધાર્મિક જીવનના અભ્યાસ માટે તે ઘણો અગત્યનો છે.

**—જર્મન ડૉ. હર્મન યાકોબી.**

જૈન દર્શન બહુ જ ઊંચી પંક્તિનું છે. એના મુખ્ય તત્ત્વો વિજ્ઞાન-શાસ્ત્રના આધાર ઉપર રચાયલા છે. જેમ જેમ પદાર્થવિજ્ઞાન આગળ વધે છે, તેમ તેમ જૈન ધર્મના સિદ્ધાન્તો સિદ્ધ થાય છે.

**—ડૉ. એલ. પી. ટેસીટોરી.**

જૈન ધર્મ યથાર્થમાં હિન્દુ ધર્મ નથી, ન તો વૈદિક ધર્મ છે. પણ તે ભારતીય જીવન સંસ્કૃતિ તથા તત્ત્વજ્ઞાનનું મુખ્ય અંગ છે.

**—જવાહરલાલ નહેરુ.**

જૈન ધર્મનો ઉદ્ભવ અને ઇતિહાસ, સ્મૃતિશાસ્ત્રો તથા એની

ટીકાઓથી ઘણો પ્રાચીન છે. જૈન ધર્મ હિન્દુધર્મથી બીલકુલ જુદો અને સ્વતંત્ર છે.

**—શ્રી કુમારસ્વામી શાસ્ત્રી.**
મદ્રાસ હાઇકોર્ટના પ્રધાન વિચારપતિ

જૈન ધર્મના સિદ્ધાંતો મને ઘણા જ પ્રિય છે. મારી એ ઇચ્છા છે કે-મૃત્યુ પછી હું જૈન પરિવારમાં જન્મ લઉં.

**—જ્યોર્જ બર્નાર્ડ શો.**

[ જૈન ધર્મના સિદ્ધાંતોની અસરને લઈને તેઓ નિરામિષ આહાર કરતા હતા. ઉપરનાં વચનો તેમણે દેવીદાસ ગાંધીને કહ્યાં હતાં. ]

जैनधर्मने संसार को अहिंसा की शिक्षा दी है. कीसी दुसरे धर्मने अहिंसा की मर्यादा वहां तक नहीं पहूंचाइ. जैन धर्म अपने अहिंसा सिद्धान्त के कारण बिश्वधर्म होनेको पूर्णतया उपयुक्त है.

રાષ્ટ્રપતિ.
**—બાબુ રાજેન્દ્રપ્રસાદ.**

उच्च आचार-विचार और उच्च तपश्चर्या जैन धर्ममें है। जैन धर्म के प्रारंभको जानना असंभव है।

**—ફરલાંગ સાહબ.**
મેજર જનરલ

જૈન સિદ્ધાંત નિઃસંશય પ્રાચીન કાળથી છે; ' अर्हन् इदं दयसे ' ઈત્યાદિ વેદવચનથી તે માલૂમ પડે છે.

**—પ્રો. વિરૂપાક્ષ એમ. એ. વેદતીર્થ.**

પ્રાચીન અને ઉત્કૃષ્ટ સાહિત્યરચનાઓનું શ્રેય કન્નડ ભાષાના આદ્ય-કવિ જૈનીઓને છે.

**—રા. બા. નરસિંહાચાર્ય.**

आधुनिक ऐतिहासिक शोधसे यह प्रगट हुवा हैं कि यथार्थमें ब्राह्मण धर्म सद्भाव अथवा उसके हिन्दु धर्मरूपमें परिवर्तन होनेके बहुत पूर्व जैन धर्म इस देशमें विद्यमान था।

મુંબઈ હાઈકોર્ટના
**—ન્યાયમૂર્તિ રાંગણેકર.**

મોહન–જો–ડેરો, પ્રાચીન શિલાલેખો, ગુફાઓ તેમજ પ્રાચીન અનેક અવશેષો મળી આવતાં હોવાથી પણ જૈન ધર્મની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે.

જૈન મત ત્યારથી પ્રચલિત થયો છે કે જ્યારથી સૃષ્ટિની શરૂઆત થઈ. હું તો એ માનું છું કે–વેદાન્ત દર્શનથી પણ જૈન ધર્મ ઘણો જૂનો છે.'

**—સ્વામી રામમિશ્રજી શાસ્ત્રી.**
પ્રો. સંસ્કૃત કોલેજ–બનારસ.

જૈન સાધુ ખરેખર પ્રશંસનીય જીવન વ્યતીત કરી રહ્યા છે. જૈન સાધુઓ પૂર્ણ રીતે વ્રત, નિયમ અને ઇન્દ્રિય–સંયમનું પાલન કરતા વિશ્વમાં આત્મસંયમનો એક જબરજસ્ત ઉત્તમ આદર્શ ઉપસ્થિત કરે છે.

એક ગૃહસ્થનું જીવન પણ જૈનત્વ( યાને જૈન આચાર–વિચારનું પાલન કરનાર )ને વરેલ છે. તે એટલું બધું નિર્દોષ છે કે–ભારતવર્ષને એનું એક અભિમાન હોવું જોઈએ. ઐતિહાસિક સંસારમાં તો જૈન સાહિત્ય સર્વથી અધિક કામની વસ્તુ છે, જે ઇતિહાસ લેખકો તથા પુરાતત્ત્વવિશારદો માટે અનુસંધાન અને વિપુલ સામગ્રી આપનારો છે.

**—ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ.**
M. A. Ph. D. કલકત્તા.

ગ્રન્થો તથા સામાજિક વ્યાખ્યાનોથી એ જાણવાનું મળે છે કે જૈન ધર્મ અનાદિ છે. આ વિષય નિર્વિવાદ અને મતભેદ વગરનો છે, તેમજ આ વિષયમાં ઇતિહાસના દૃઢ–મજબૂત પ્રમાણો પણ છે.

**—લોકમાન્ય બાળ ગંગાધર તિલક.**

વિશ્વશાંતિ–સંસ્થાપક સભાના પ્રતિનિધિઓનું હાર્દિક સ્વાગત કરવાનો અધિકાર કેવળ જૈનોને જ છે, કારણ કે અહિંસા જ વિશ્વશાંતિનું સામ્રાજ્ય પેદા કરી શકે છે અને એ અનોખી અહિંસાની ભેટ જગતને જૈન ધર્મના નિર્યામક તીર્થંકર પરમાત્માઓએ જ કરી છે, તે માટે વિશ્વશાંતિની ઘોષણા પ્રભુ શ્રી પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરના અનુયાયીઓ સિવાય બીજું કોણ કરી શકે ?

**—ડૉ. રાધા વિનોદપાલ.**

જૈન લોકો–ઘણા વિસ્તૃત લોકોપયોગી સાહિત્યના સ્રષ્ટા–રચનારા છે.

**—પ્રો. જોહન્સ હર્ટલ.**

પશ્ચિમના દેશો હિંસામાં એટલા બધા ડૂબેલા છે કે માનવ માનવનો નાશ કરતાં અચકાતો નથી, માટે જૈન ધર્મ એક એવો અદ્વિતીય ધર્મ છે કે જે પ્રાણી–માત્રની રક્ષા કરવા માટે ક્રિયાત્મક પ્રેરણા આપે છે. જૈન લોકો ખાવા–પીવામાં કે ચાલવામાં પણ બીજા જીવોની રક્ષાનો ખ્યાલ રાખે છે.

મેં આવો દયા–ભાવ કોઈ ધર્મમાં જોયો નથી.

**અમેરીકન બહેન ઓડીકા જેરરી.**

( ૪–૫–૫૩ના દિલ્હીના ભાષણમાંથી. )

હું મારા દેશવાસીઓને બતાવીશ કે જૈનધર્મ અને જૈનાચાર્યોમાં કેવા ઉત્તમ નિયમ અને ઊંચા વિચાર છે. જૈનોનું સાહિત્ય બૌદ્ધો કરતાં ઘણું વધારે છે. જેમ હું જૈન ધર્મ અને તેના સાહિત્યને સમજતો જાઉં છું, તેમ તેમ તેને વધારે પસંદ કરું છું.

**—ડૉ. જોન્સ હર્ટલ, જર્મની.**

મનુષ્યોની પ્રગતિ માટે જૈન ધર્મનું ચારિત્ર બહુ લાભકારી છે. આ ધર્મ ઘણો પુરાણો, સ્વતંત્ર, બહુ મૂલ્યવાન તથા બ્રાહ્મણોના મતથી ભિન્ન છે. તથા એ બૌદ્ધના જેવો નાસ્તિક નથી.

**—ડૉ. એ ગેરીનોટ, પેરીસ**

ભ૦ મહાવીરે ડિંડિમનાદથી હિંદમાં એવો સંદેશો ફેલાવ્યો કે ધર્મ એ માત્ર સામાજિક રૂઢિ નથી, પરંતુ વાસ્તવિક સત્ય છે. તેથી એ બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી નથી મળતો. ધર્મ અને મનુષ્યમાં કોઈ સ્થાયી ભેદ રહી શકતો નથી. કહેતાં આશ્ચર્ય પેદા થાય છે કે આ શિક્ષાએ સમાજનાં હૃદયમાં જડ ઘાલીને બેઠેલા ભાવનારૂપી વિઘ્નોને ત્વરાથી ભેદી નાખ્યા અને દેશને વશીભૂત કરી લીધો. એની પછી ઘણા વખત સુધી આ ક્ષત્રિય ઉપદેશકોના પ્રભાવબળથી બ્રાહ્મણોની સત્તા દબાઈ ગઈ.

**—ડૉ. રવીન્દ્રનાથ ટાગોર.**

શ્રી મહાવીરજીના ઉપદેશ અનુસાર ચાલવાથી આપણે પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરી શકીશું.

**—ડૉ. રાજેન્દ્રપ્રસાદ.**

જૈનોની આદ્ય સંપત્તિ સંયમ અને અહિંસા છે. ત્યાં દ્વેષભાવ રહી શકતો નથી. આજે કે કાલે વિશ્વને આ પાઠ શીખવવાની જવાબદારી અહિંસાત્મક સંસ્કૃતિના ઉત્તરાધિકારી બનનારા જૈનોએ જ લેવી જોઇએ.

**—સરદાર વલ્લભભાઈ પટેલ.**

અહિંસા, દયા અને પ્રેમના આધાર પર એક વિશ્વધર્મની સ્થાપના કરવી એ જૈન ધર્મપ્રવર્તક મહાવીરનો ઉદ્દેશ હતો.

**—શ્રી ગણેશ વાસુદેવ માવલંકર**
અધ્યક્ષ ભારતીય સંસદ્.

જૈન ધર્મ હિંદુ ધર્મથી તદ્દન ભિન્ન અને સ્વતંત્ર ધર્મ છે.

**—પ્રોફેસર મેક્સમુલર**

જૈન સંસ્કૃતિ એ માનવીય સંસ્કૃતિ છે. જૈન દર્શન દૈવી દર્શન છે. જિન એ જન્મથી દેવ ન હતા, પણ તેઓ પોતાની કર્તૃત્વ શક્તિથી જિનદેવ થયા.

**—પ્રોફેસર હરિસત્ય ભટ્ટાચાર્ય.**

પાર્શ્વનાથજી જૈન ધર્મના પ્રથમ પ્રચારક ન હતા. જૈન ધર્મનો પ્રથમ પ્રચાર શ્રી ઋષભદેવજીએ કર્યો.

**—શ્રી વરદકાંતજી એમ. એ.**

ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસમાં જૈન ધર્મે પોતાનું નામ અજરામર કર્યું છે. **—કર્નલ ટૉડ.**

સ્યાદ્વાદ એ જૈનધર્મનો અભેદ્ય દુર્ગ છે. એ દુર્ગમાં વાદી અને પ્રતિવાદીઓના માયામય ગોળાઓનો પ્રવેશ થતો નથી. વેદાંત આદિ અન્ય દર્શનશાસ્ત્રોની પૂર્વે પણ જૈન ધર્મ અસ્તિત્વમાં હતો, એ વાતમાં મને રતિભર પણ સંદેહ નથી.

**—પં. રામમિશ્રજી આચાર્ય.**

જૈન ધર્મનો અભ્યાસ કરવાની મારી હાર્દિક ઇચ્છા છે, કારણ કે હું સમજું છું ત્યાં સુધી વ્યાવહારિક યોગાભ્યાસને માટે તેનું સાહિત્ય સહુથી પ્રાચીન છે. એ વેદના રીતરિવાજોથી ભિન્ન છે. એમાં હિંદુ ધર્મની પૂર્વની આત્મિક સ્વતંત્રતા વિદ્યમાન છે, જેને પરમ પુરુષો અનુભવ અને પ્રકાશમાં લાવ્યા છે. આ સમય છે કે જેમાં આપણે આ સંબંધી વિશેષ જાણવું જોઈએ.

**—રાયબહાદુર પૂર્ણેન્દુ નારાયણસિંહ એમ. એ.**

વ્યાકરણાદિ અનેક શાસ્ત્રોનાં અધ્યયન–અધ્યાપન દ્વારા વેદમત ગળામાં બાંધીને મેં અનેક રાજા પ્રજાની સભામાં વિજય મેળવીને જોયું કે આ બધી વ્યર્થ મગજમારી છે. એક જૈન શિષ્યના હાથમાં બે પુસ્તકો જોયાં, તેમાંના લેખ મને એટલા સાચા, નિષ્પક્ષપાતી જણાયા કે જાણે હું એક જગત્ છોડીને બીજા જગત્માં આવી ખડો થયો. બાલ્યાવસ્થાથી માંડીને ૭૦ વર્ષ સુધી જે કંઈ અભ્યાસ કરીને વૈદિક ધર્મ ગળે બાંધીને ફર્યો તે વ્યર્થ લાગવા માંડ્યું. પ્રાચીન ધર્મ, પરમ ધર્મ, સત્ય ધર્મ રહ્યો હોય તો તે જૈન ધર્મ હતો કે જેની પ્રભા નાશ કરવા

માટે વૈદિક ધર્મ, ષટ્શાસ્ત્ર અને ગ્રંથકાર ખડા થયા હતા. વૈદિક વાતોમાં કેટલીક એવી છે કે તે જૈન શાસ્ત્રમાંથી જ નમૂનારૂપે એકઠી કરવામાં આવી છે. —યોગી જીવાનંદ પરમહંસ

જૈન સાધુઓના ઉચ્ચતમ ત્યાગનો હું આદર કરું છું.

—રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ

જૈન તત્ત્વજ્ઞાનમાં સ્યાદ્વાદની વાસ્તવિક-વ્યાખ્યા શું છે, એને જાણવાનો દાવો હું કરી શકતો નથી. પરંતુ મારી માન્યતા છે કે 'સ્યાદ્વાદ' માનવબુદ્ધિનું એકાંગીપણું જ સૂચિત કરે છે.

—દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર

પ્રારંભમાં વિદ્વાન વર્ગના મસ્તક પર બૌદ્ધ ધર્મની છાપ એવી અમર પડી ગઈ હતી કે તેઓ જૈન ધર્મને બૌદ્ધ ધર્મની એક શાખાના સ્વરૂપમાં વર્ણવવા લાગ્યા હતા, કિંતુ હવે તેમની દૃષ્ટિમર્યાદાનું આચ્છાદિત કરનારનું આવરણ દૂર હટી રહ્યું છે. તેથી જૈન ધર્મ સર્વ આદિ ધર્મોમાં પોતાનું સ્વતંત્ર સ્થાન પ્રાપ્ત કરવા લાગ્યો છે.

—પ્રો. **સી. વી.** રાજવાડે એમ. એ. બી. એસસી.

# પુનર્જન્મના પૂરાવા

## [૧]

## સેવંતીલાલ માણેકલાલે કહેલી પૂર્વભવની હકીકત

લગભગ ત્રણ વર્ષની ઊમરે કોઈ કોઈ નામ સાંભળતાં મને એમ લાગતું કે આ નામ પૂર્વે કોઈ વખત મેં સાંભળ્યું છે. કોઈ કોઈ વસ્તુ જોતાં એમ લાગતું કે આ વસ્તુ મેં પૂર્વે જોઈ છે. એમ વિચાર કરતાં કરતાં એમ થવા લાગ્યું કે મારે કોઈ ભવમાં સ્ત્રીઓ હતી, બાળકો હતાં. આ રીતે વિચારો ચાલતા તે સમયે એક પ્રસંગે મારા પિતાશ્રીએ મને કાકડીની એક ચીરી ખાવા માટે આપી. તે સમયે મેં તેમને કહ્યું કે "હું તો તમારો એકનો એક પુત્ર છું, છતાં તમે મને કેમ નાનો ટુકડો આપો છો? મારે ગયા ભવમાં ૭–૭ છોકરા હતા, છતાં પણ હું વધારે ખાવાનું આપતો હતો." આ સાંભળી ઘરનાં બધાંને નવાઈ લાગી કે આ છોકરો શું બોલે છે. પણ તેમને કંઈ ખ્યાલ આવ્યો નહી. પછી તો હું કહેતો કે હું શ્રાવક હતો. મારું નામ કેવળચંદ હતું. પાટણમાં ઘર હતું. ત્રણ સ્ત્રીઓ હતી. ૭ છોકરાઓ હતા. છોકરાનાં નામ પણ હું કહેતો. એક છોકરી હતી. પૂનામાં મારે કાપડની અને ગોળની એમ બે દુકાનો હતી. છપ્પન વર્ષનું મારું આયુષ હતું, મારી ત્રણ સ્ત્રીઓ-માંથી બે સ્ત્રીઓ ગાંડી હતી અને એક સ્ત્રી ડાહી હતી. મને મરતાં પહેલાં લકવા લાગુ પડેલો એટલે હું લાકડી લઈને ચાલતો. વળી હું પહેલાં લાલ પાઘડી પહેરતો પણ મારી છોકરી રાંડવાથી લીલી પાઘડી પહેરતો. અત્યારે મારાથી ત્રણ વર્ષ મોટી મારી બહેન છે ને મારે ત્યાં કામ કરવાવાળી હતી, તેના ધણીનું નામ વીરચંદ ઠાકરડો હતું. અત્યારે મારી બા છે તે, એ વખતે મારાં બહેન હતાં. પાટણમાં તંબોળીવાડામાં મારું ઘર હતું. તેમાં આંબલીનું ઝાડ છે. મેં એ વખતે આત્મારામજી, કમલસૂરિ તથા ઉમેદવિજય મહારાજનાં દર્શન કરેલ. પછી એ ભવમાંથી મરીને બીજો ભવ મારો બ્રાહ્મણનો થયો. ૨૫ વર્ષનું

મારું આયુષ હતું. લગ્ન કરેલ નહી. બસ, બ્રાહ્મણના ભવની આટલી જ હકીકત હું જાણું છું. ઉપરની વસ્તુઓ હું બોલતો પણ ઘરનાં દરેકને આ શું છે? તેનો ખ્યાલ આવતો નહિ. પણ એક દિવસ મારી બા પાટણ ગયાં. મારી ઉંમર નાની (ત્રણ વર્ષની) હોવાથી હું પણ એમની સાથે ત્યાં ગયો. સ્ટેશને ઉતર્યાં. હું આ ભવમાં પહેલી જ વખત પાટણ જોતો હતો. મેં મારી બાને કહ્યું: "બા, તમે લોકો મારી વાત સાચી માનતાં નથી પણ આજે હું મારું ઘર બતાવું." મારી બાએ કહ્યું "બતાવ જોઉં." હું તેને તંબોળીવાડે મારે ઘેર લઇ ગયો. ઘર પડતર હાલતમાં હતું. મેં બતાવ્યું ને કહ્યું કે આ મારું ઘર છે. બે ચાર પડોશીઓને પણ ઓળખ્યાં. મહોલ્લાનાં બધાં જ દેરાસરે (ઘર દેરાસર પણ) લઈ ગયો. મહારાજ સાહેબના ફોટા ઓળખ્યા કે આ "આત્મારામજી મહારાજ" "આ કમલસૂરિ મહારાજ" "આ ઉમેદવિજય મહારાજ." આ બધી હકીકત જોઈ પાટણમાં લોકોને નવાઈ લાગી. હજારો લોકો મને જોવા આવતાં. લગભગ બે ચાર મહીના આ પ્રમાણે ચાલ્યું એટલે ગાયકવાડ સરકારે તેની તપાસ કરવા તપાસયંત્ર પાટણ મોકલ્યું. અમોને પણ પાટણ બોલાવ્યા. હું, મારાં માતુશ્રી તેમ જ પિતાશ્રી. તેઓએ મને કહ્યું કે "બીજી કંઈ હકીકત બતાવો" એટલે પાટણમાં સુખડીવટમાં ડાહ્યાચંદ આલમચંદની પેઢી ચાલતી હતી, ત્યાં મારું પાટણના ભવનું (કેવલચંદ રામચંદના નામનું) ખાતું ચાલતું હતું. તેમની દુકાને હું તે અમલદારોને લઈ ગયો. તેમની રૂબરૂમાં ૩૦ થી ૪૦ વર્ષના જૂના ચોપડા કઢાવ્યા ને મારું ખાતું કઢાવ્યું. વળી મારો પાટણના ભવનો છોકરાનો છોકરો મને જોવા માટે આવેલ તેને પણ મેં ઓળખ્યો ને કહ્યું કે "તું તો મારો છોકરો છે. તારું નામ મણીલાલ છે." તેણે પણ બધી હકીકત કબૂલ કરી. તે અત્યાર સુધી હયાત હતો, ફક્ત એક માસ પહેલાં ગુજરી ગયો છે. આ પ્રમાણે મારી પૂર્વ ભવની હકીકત છે.

"**સેવંતીલાલ**" (ચાણસ્માવાળા)

છતરપુરના સ્કૂલ ઇન્સ્પેક્ટર શ્રી મનોહરલાલ મીશ્રની પુત્રી સ્વર્ણ-લતા પોતાના બે પૂર્વજન્મોનો હાલ બતાવે છે. આ પુત્રીને લઈ શ્રી મિશ્ર એક દિવસ જબલપુરના પ્રવાસે ગયા ત્યારે તેઓ ચા–પાણી માટે એક હોટલની શોધમાં હતા ત્યાં એક ચાની નાની દુકાન દેખતા સ્વર્ણલતા બોલી ઉઠી કે પિતાજી, ચાલો, આ આપણી દુકાન છે, તેમાં ચા–પાણી કરીએ. પુત્રીના આવા શબ્દો સાંભળી શ્રી મનોહરલાલ મીશ્રને થયું કે છોકરીનું ચસકી ગયું છે. નહી તો અહીં અમે ફરવા આવ્યા છીએ, કોઈની ઓળખાણ નથી ત્યાં આપણી હોટલ ક્યાંથી આવી? પણ સ્વર્ણલતા પિતાની પરવા કર્યા વગર તે નાની હોટલમાં ઘુસી ગઇ અને તેના પૂર્વજન્મના નાના ભાઇ હરીપ્રસાદને કહેવા લાગી: "હરી, મને પીવા માટે પાણી આપ, બહુ જ તરસ લાગી છે."

અજાણી છોકરીને મોઢે પોતાનું નામ સાંભળી હરીપ્રસાદ પાઠક હેબતાઈ ગયા. તેમને આશ્ચર્યચકિત જોઈ છોકરી બોલી: "હરી, તું મને નથી ઓળખતો, હું તારી મોટી બેન કાશોરી છું." હરીપ્રસાદ તેના શબ્દો સાંભળી પોતાના બધા કુટુંબીઓને બોલાવી લાવ્યો. સને ૧૯૩૯ સુધીના જેટલા સભ્યો આ ઘરમાં હતા તેમનાં બધાના નામો છોકરીએ કહી સંભળાવ્યાં. નાની ઉંમરમાં ભાઇઓને જે નામોથી બોલાવવામાં આવતા તે પણ છોકરીએ કહી સંભળાવ્યાં. તે પછી છોકરીના સાસરીયા પક્ષના લોકોને બોલાવવામાં આવતાં તેણે પોતાના ત્રણ પુત્રો અને બે પુત્રીઓને ઓળખી કાઢ્યાં. તેના એક પુત્રે પોતાનું નામ ખોટું બતા-વતાં સ્વર્ણલતા બોલી કે "માતા સમક્ષ ખોટું બોલતાં શરમ નથી આવતી?"

તે પછી પૂર્વજન્મના તેના પતિ શ્રી. ચીંતામણી પાંડે આવ્યા ત્યારે છોકરીને એ કોણ છે એમ પૂછ્વામાં આવતાં ૧૦ વર્ષની છોકરી શરમાઈ ગઈ અને કહ્યું કે એ એ જ છે, જેમની સાથે મારા લગ્ન થયાં હતાં; અને પાલખીમાં બેસી હું મેહાર ગઇ હતી. ત્યારે એ ઘોડા પર હતા. માર્ગમાં એમનો ઘોડો તોફાની બની જતાં ચાર માણસોને કચડી એમને પાડી નાખ્યા હતા, જેથી એ ખૂબ ઘાયલ થયા હતા અને એક મહીના સુધી માંદગીના બીછાને રહ્યા હતા. આવી આવી વાતો છોકરીને મોઢેથી

સાંભળી તેના આ જન્મના પિતા શ્રી મનોહરલાલ મીશ્ર સાથે બધા આશ્ચર્યચકિત થઈ ગયા.

છોકરીની પરીક્ષા લેવા માટે સાગર વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ શ્રી દ્વારિકાપ્રસાદ મીશ્ર, મનોવિજ્ઞાનના નિષ્ણાત શ્રી મોહનલાલ પારા અને ગંગાપુરના જાણીતા માનસશાસ્ત્રી શ્રી એચ. એન. બેનરજી આવ્યા હતા. સ્વર્ણલતાની પરીક્ષા લઈ તેઓએ અભિપ્રાય આપ્યો કે આ છોકરીને પૂર્વજન્મની બધી વાતો યાદ છે એ વાતમાં શક નથી.

છોકરીએ આ લોકો સમક્ષ કહ્યું કે સને ૧૯૩૯ માં મારું મરણ થયું હતું. આ જન્મ પહેલાં હું સીલ્હટ આસામમાં જન્મી હતી. ત્યાં મારા ઘરના લોકો ગાવાનો ધંધો કરતાં હતાં. છોકરીએ આસામી ભાષાના બે ગાયન સ્વરથી ગાઈ સંભળાવ્યા. તેણે કેટલાક માણસોના નામો પણ બતાવ્યાં. આસામમાં હું નવ વર્ષની ઉંમરે પડી જવાથી મરણ પામી હતી. તે પછી હું આ ઘરમાં જન્મી છું.

તેના બીજા જન્મની ખરી ખોટી વાતોની તપાસ કરવા માટે નિષ્ણાતો આ છોકરીને આસામ લઇ જવાની તૈયારી કરી રહ્યા છે. રક્ષાબંધનના દિવસે આ ૧૦ વર્ષની છોકરીએ પોતાના પૂર્વજન્મના બધા વયોવૃદ્ધ ભાઇઓને રાખડી બાંધી હતી. સ્વર્ણલતા પૂર્વજન્મના સુખદુઃખ, રમતો વગેરેની વાતો કરે છે, ત્યારે તેના વૃદ્ધ થયેલા પૂર્વજન્મના ભાઇઓ અને જુવાન ભત્રીજાઓ તે રસથી સાંભળે છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે આત્મા અમર છે. અને મનુષ્ય જુદી જુદી યોનીમાં જન્મ લે છે તે માન્યતા આ છોકરીના બે જન્મોની યાદથી ચોક્કસ સાબિત થાય છે.

હજી પણ છોકરી જબલપુરમાં જ છે. તેની આ જન્મની માતા અને નાના ભાઇ–બહેનો પણ જબલપુર આવી ગયા છે. શ્રી મનોહરલાલ મિશ્રે કુટુંબ સાથે જ્યાં ઉતારો કર્યો છે ત્યાં આ છોકરીને જોવા માટે સવારથી સાંજ સુધી સેંકડો લોકો આવે છે.

"જનશક્તિ"
તા. ૨૩–૮–૫૯ રવિવાર

# पुनर्जन्म की कहानी

**बरेली** । यहां पुनर्जन्म में विश्वास न करनेवाले एक मुस्लिम परिवार में पुनर्जन्म की कहानी प्रत्यक्ष हो गयी । कहते है कि एक मुस्लिम अध्यापक श्री हशमतउल्ला अन्सारी जब इकराम अली नामक एक पुराने जमींदार के यहां पढ़ाने गये, तब उनके पंचबर्षीय पुत्र करीम उल्लाने जमींदार के घर घुस कर उसकी विधवा पुत्रवधू फातिमा का हाथ पकड़ लिया और कहा कि "तुम तो मेरी बीबी हो, फातिमा !" फातिमा बच्चे के मुख से अपना नाम सुन कर बेहोश हो गयी । कहते है कि लड़के की सारी पूर्व स्मृतियां जाग ऊठीं और वह बीना किसी के बताये ही अपरिचित मकान में इस तरह व्यवहार करते हुए कि जैसे उसीका जाना-पहचाना घर हो, पूर्वजन्म की बीबी के भीतरी कक्षमें जाकर पूर्व परिचित अपनी कुर्सी पर बैठ गया और फातिमा के श्वसुर को अब्बा-अब्बा कह कर पुकारने लगा । फातिमा पान लगा रही थी, लड़के ने जाते ही कहा, "फातिमा, हम भी पान खायेंगे ।" पता लगा कि फातिमा के पति फारूख की मृत्यु पांच वर्ष पूर्व हुई थी । जब सभी लोग एकत्र हो गये, तब लड़के ने पूर्व जन्म की कहानी सुनाते हुए ऐसी सारी बातें सुनायीं, जो केवल फातिमा और फारूख ही जानते थे ! उसने कहा कि मैंने अपने भाई को, जो पाकिस्तान में है, ५ हजार रुपये भेजे थे और ३ हजार बेंक में जमा है । उपर्युक्त व्यक्ति लाहोर में व्यापार करता है और फारूख का इरादा भी वहीं रहेने का था, जिसका रहस्योद्घाटन लड़के ने किया । उसने पहेले के भाई उमर आदिल का नाम भी बताया । उसने यह भी कहा कि मेरे श्वसुर के यहां से एक बन्दूक चोरी गयी थी, जो वास्तव में सच्ची घटना है । लड़के की बातें सुनकर उसके पूर्वजन्म के पिताने कहा कि यद्यपि मैं पुनर्जन्म में विश्वास नहीं करता, तथापि जो आंखों के सामने देख रहा हूं, उससे इन्कार भी नहीं कर सकता ।

—टाइम्स ऑफ इन्डीया ( हिन्दी )

ता. २८-६-५९, रविवार

